# જૈન શિક્ષાવલી



લેખક:

સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

## વિશ્વશાંતિ

શ્રેણી પહેલી
૧૧

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

# જૈન શિક્ષાવલી

## પ્રથમ શ્રેણીનાં ૧૨ પુસ્તકો

૧ જીવનનું ધ્યેય
૨ પરમપદનાં સાધનો
૩ ઇષ્ટદેવની ઉપાસના
૪ સદ્‌ગુરુસેવા
૫ આદર્શ ગૃહસ્થ
૬ આદર્શ સાધુ
૭ નિયમો શા માટે?
૮ તપની મહત્તા
૯ મંત્રસાધન
૧૦ યોગાભ્યાસ
૧૧ વિશ્વશાંતિ
૧૨ સફલતાનાં સૂત્રો

શ્રેણીનું મૂલ્ય રૂા. ૬-૦૦. પોસ્ટેજ ૧-૦૦ અલગ. માત્ર ગણતરીની નકલો જ બાકી રહી છે, માટે તમારી નકલ આજે જ મેળવી લો તથા હવે પછી પ્રગટ થનારી બીજી શ્રેણીના ગ્રાહક બનો.

---

નોંધઃ-બારમા નિબંધને છેડે આખી શ્રેણીનું શુદ્ધિપત્રક આપ્યું છે, તે પ્રમાણે સુધારો કરી પુસ્તકોનો ઉપયોગ કરવા વિનંતિ છે.

જૈન શિક્ષાવલી : પુષ્પ અગિયારમું

# વિશ્વશાંતિ

★


લેખક :

સાહિત્યવારિધિ શતાવધાની પંડિત

શ્રી ધીરજલાલ ટોકરશી શાહ


★


પ્રકાશક :

જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર

મુંબઈ-૯.

મૂલ્ય : પચાસ નયા પૈસા

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક : જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ,
ચીંચ બંદર, મુંબઈ-૯.

પહેલી વાર ૨૦૦૦
સં. ૨૦૧૫, સને ૧૯૫૯
સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :-
મણિલાલ છગનલાલ શાહ.
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

# પ્રકાશકનું નિવેદન

**જૈન** મહર્ષિઓએ જીવનની સુધારણા માટે જે તત્ત્વજ્ઞાન ઉપદેશ્યું છે તથા જે આચારની પ્રરૂપણા કરી છે, તે સહુ સરલતાથી સમજી શકે તે માટે **જૈન શિક્ષાવલી**ની યોજના હાથ ધરવામાં આવી છે. હાલ તેમાં બાર પુસ્તકો પ્રકટ કરવામાં આવે છે, પરંતુ સંયોગો વધારે સાનુકૂળ દેખાશે તો તેમાં બીજાં પુસ્તકો પણ પ્રકટ કરવામાં આવશે.

આ પુસ્તકો દીર્ઘ ચિંતન–મનનનાં પરિણામે સુંદર શૈલિમાં લખાયેલાં છે, એટલે તે સહુને પસંદ પડશે એમાં શંકા નથી.

જૈન શિક્ષાવલીની યોજના સાકાર બની તેમાં અનેક મુનિરાજો, સંસ્થાઓ અને ગૃહસ્થોનો સહકાર નિમિત્તભૂત છે. ખાસ કરીને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી, તેમનાં વિદ્વાન્ શિષ્ય-રત્ન મુનિરાજશ્રી કીર્તિવિજયજી, પ. પૂ. આ. મહારાજશ્રી વિજયપ્રેમ-સૂરીશ્વરજીનાં શિષ્યરત્નો પૂ. પં. મહારાજ શ્રીભદ્રંકરવિજયજી, પૂ. મુ. શ્રી ભાનુવિજયજી, તથા પૂ. મુ. શ્રી કુંદકુંદવિજયજી તેમજ પ. પૂ. આ. મહારાજશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી, તેમનાં શિષ્યરત્ન મુ. શ્રી રૈવતવિજયજી અને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજીનાં વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. પં. મ. શ્રી ધુરંધરવિજયજી તથા પ. પૂ. આ. મહારાજશ્રી વિજયધર્મસૂરિજીનાં શિષ્યરત્ન મુનિશ્રી યશોવિજયજી વગેરેએ આ યોજનાને સત્કારી તેને વેગ આપવામાં કિંમતી સહાય આપી છે, તે માટે તેમનો ખાસ આભાર માનીએ છીએ. ઉપરાંત શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ ચંદુલાલ વર્ધમાન, શેઠ ચતુરભાઇ નગીનદાસ ( બેલગામવાળા ), શ્રીમાન બી. કે. શાહ, યોગી શ્રી ઉમેશચંદ્રજી, શ્રી નાગકુમાર મકાતી તથા જૈનધાર્મિક શિક્ષણસંઘ–મુંબઇના કાર્યવાહકો શ્રી પ્રાણજીવન હ. ગાંધી વગેરેએ આ કાર્યમાં સહકાર આપી અમને ઉત્સાહિત કર્યો છે, તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ. આ પુસ્તકોમાં વિજ્ઞાપન આપનાર દરેક સંસ્થાઓના પણ અમે આભારી છીએ.

**પ્રકાશક.**

# વિષયાનુક્રમ


૧ નિબંધપ્રયોજન

૨ વિશ્વશાંતિનો અર્થ

૩ યુદ્ધની ઉત્તરોત્તર વધી રહેલી ભયાનકતા

૪ અણુશસ્ત્રો અંગે મહાજનોનાં મંતવ્યો

૫ વિશ્વશાંતિ માટેના પ્રયાસો અને આપણું કર્તવ્ય

૬ 'આપણે શું?' એ વલણ હિતાવહ નથી.

૭ યોગ્ય વિચારણાથી અદ્ભુત પરિવર્તન લાવી શકાય છે.

૮ ક્રોડપતિ શેઠનું દૃષ્ટાંત

૯ વૈજ્ઞાનિક સાધનોની બીજી બાજુ

૧૦ વિશ્વશાંતિ માટે મહર્ષિઓનો ઉપદેશ

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

# વિશ્વશાંતિ

## ૧–નિબંધપ્રયોજન

આજે વિશ્વશાંતિ વિષે અનેકવિધ વિચારણાઓ થઈ રહી છે, અનેકવિધ પ્રવચનો યોજાઈ રહ્યાં છે તથા અનેકવિધ કાર્યક્રમો અમલમાં આવી રહ્યા છે, પણ ઘણા લોકો સમજે છે તેમ એ માત્ર રાજદ્વારી સમસ્યા નથી. એ માનવતાનો એક મહાપ્રશ્ન છે અને ધર્મનું એક ધોરી અંગ છે, તેથી તેની વિચારણા અહીં પ્રસ્તુત છે.

## ૨–વિશ્વશાંતિનો અર્થ

વિશ્વશાંતિ એ સંસ્કૃતભાષાનો સામાસિક શબ્દ છે. તેનો વિગ્રહ બે રીતે થઈ શકે: (૧) વિશ્વની શાંતિ (ષષ્ઠી તત્પુરુષ) અને વિશ્વમાં શાંતિ (સપ્તમી તત્પુરુષ) તેમાં વિશ્વની શાંતિ થઈ જાય—વિશ્વની લીલા સમાપ્ત થઈ જાય એવું કોઈ ઇચ્છતું નથી, પણ વિશ્વમાં શાંતિ રહે એવું સહુ ઈચ્છે છે, તેથી વિશ્વમાં શાંતિ એ અર્થ સંગત છે.

અહીં વિશ્વ અને શાંતિ એ બંને શબ્દો વિશેષાર્થમાં વપરાયેલા છે, એટલે તેનાથી આપણે પરિચિત થવું જોઈએ.

વિશ્વ શબ્દનો મૂળ અર્થ સર્વ કે અશેષ છે, એટલે

ચરાચર સર્વ વસ્તુના સમૂહને વિશ્વ કહેવામાં આવે છે. લોક, સૃષ્ટિ, બ્રહ્માંડ, જગત્, દુનિયા, આલમ એ તેના પર્યાયશબ્દો છે. અંગરેજી ભાષામાં તેને માટે 'વર્લ્ડ' world ) અને 'યુનિવર્સ' ( universe ) એ બે શબ્દો પ્રચલિત છે.

જૈન મહર્ષિઓ આ વિશ્વને અનંત આકાશના એક ભાગમાં વ્યવસ્થિત થયેલું માને છે અને તેનો વિસ્તાર ચૌદ રજ્જુ જેટલો બતાવે છે. આ રજ્જુનો ખ્યાલ આંકડાથી આપી શકાય એવો નથી, એટલે તનો ખ્યાલ તેમણે ઉપમાનથી આપ્યો છે. નિમિષ માત્રમાં એક લાખ યોજન જનારો દેવ છ માસમાં જેટલું અંતર કાપે તેટલા અંતરને એક રજ્જુ સમજવું. અહીં કોઈને એમ લાગે કે આ માપ તો ઘણું મોટું થયું, અર્થાત્ તે જલ્દી મગજમાં બેસે તેવું નથી, તો તેમની જાણ ખાતર અમે કહીએ છીએ કે આજના વિજ્ઞાને પણ અંતર બતાવવામાં આવા જ ઉપમાનનો ઉપયોગ કર્યો છે. તે કહે છે કે 'કેટલાક તારાઓ એટલી ઊંચાઈએ આવેલા છે કે એક સેકંડમાં ૧૮૬૦૦૦ માઈલનું અંતર કાપનારા પ્રકાશને ત્યાંથી આપણી પૃથ્વી પર પહોંચતાં ૧૦૦૦૦૦૦ લાખ વર્ષ કરતાં પણ વધુ સમય લાગે.' આ ઉપમાન ઉપરનાં ઉપમાન કરતાં પણ ઘણું આગળ વધી જાય છે, એ થોડી જ વિચારણાથી સમજી શકાશે.

આ વિશ્વનો આકાર કેડ ઉપર હાથ મૂકીને ઊભેલા પુરુષ જેવો છે, એટલે ઉપરથી સાંકડો છે, પછી વિસ્તાર

પામે છે, પછી સંકોચાય છે અને પાછો વિસ્તાર પામે છે. તેના ઊર્ધ્વલોક, તિર્યગ્લોક અને અધોલોક એવા ત્રણ વિભાગો છે. તેમાં ઊર્ધ્વલોકની વ્યવસ્થા નીચે પ્રમાણે છેઃ સહુથી ઉપર સિદ્ધશિલા, તેની નીચે પાંચ અનુત્તર વિમાનો, તેની નીચે નવ ગ્રૈવેયક, તેની નીચે બાર દેવલોક અને તેની નીચે જ્યોતિષ ચક્ર એટલે સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા.

ઊર્ધ્વલોકની નીચે તિર્યગ્લોક આવેલો છે કે જેને મનુષ્યલોક પણ કહેવામાં આવે છે. આ તિર્યગ્ લોકમા અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્રો છે. તેમાં મનુષ્યની વસ્તી જંબૂ, ધાતકી અને અર્ધપુષ્કર એ અઢી દ્વીપમાં જ છે. એની વચ્ચે લવણ અને કાલોદધિ એ બંને સમુદ્ર પણ આવી જાય છે. જંબૂદ્વીપ બધાની મધ્યમાં છે અને તેની મધ્યમાં મેરુ પર્વત છે. તિર્યગ્ લોકનો વિસ્તાર ૪૫ લાખ યોજન જેટલો છે. આધુનિક વિજ્ઞાન પૃથ્વીનાં વતુલની લંબાઈ આશરે ૨૨૦૦૦ માઈલ માને છે, એટલે તેના રંગે રંગાયેલાઓને આ માપ વધુ લાગશે, પણ એજ વિજ્ઞાન આ વિશ્વમાં ગ્રહ, ઉપગ્રહ અને તારાનાં રૂપમાં અસંખ્ય પૃથ્વીઓ માને છે, તેમાં કેટલાક તારાને એવડા મોટા માને છે કે જેમાં આપણી અનેક પૃથ્વીઓ સમાઈ જાય; એટલે આ માપથી કોઈએ આશ્ચર્ય પામવા જેવું નથી.

જૈન મહર્ષિઓ આ તિર્યગ્ લોકને (પૃથ્વીને) દડા કે નારંગી જેવો ગોળ નહિ પણ વલયાકાર માને છે, અને તેથી જ ભૂગોળ શબ્દને બદલે ભુવલય શબ્દને પસં

ફગી આપે છે. અહીં અમે સ્પષ્ટ કરવા ઇચ્છીએ છીએ કે બધા વૈજ્ઞાનિકો પૃથ્વીના આકાર વિષે એક મત નથી. સમરસેટવાસી વિલિયમ એડગલ કે જેણે પોતાનાં જીવનનાં પચાસ વર્ષો આ સંશોધનની પાછળ ગાળ્યા હતાં, તેણે છેવટે જાહેર કર્યું છે કે 'પૃથ્વી થાલીના આકારની ચપટી છે અને સૂર્ય તેની આસપાસ ફરે છે.' કેટલાક વૈજ્ઞાનિકો પૃથ્વીને અંડાકાર પણ માને છે અને કેટલાક તેને ગોળાકાર પણ નહિ અને અંડાકાર પણ નહિ, એવી વિશિષ્ટ આકૃતિવાળી પણ માને છે. રશિયાની કેન્દ્રીય ફોટોગ્રાફી સંસ્થાના પ્રમુખ પ્રૉફેસર ઈસાકોમે જાહેર કર્યું છે કે ભૂમધ્યરેખા એક વૃત્ત (ગોળ) નથી, પણ ત્રણ જુદી જુદી જાતની રેખાઓનો સંગમ છે.

તિર્યગ્લોકની નીચે અધોલોક આવેલો છે, તે સાત રજ્જુ પ્રમાણ છે. તેમાં અનુક્રમે રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમ:પ્રભા અને મહાતમ:પ્રભા એ સાત પૃથ્વીઓ આવેલી છે અને તે દરેકમાં એકેક નરક રહેલું છે, એટલે રત્નપ્રભામાં પહેલું નરક અને મહાતમ:પ્રભામાં સાતમું નરક છે. વ્યંતર, વાણવ્યંતર અને ભવનપતિદેવો તિર્યગ્લોકની નીચે તથા રત્નપ્રભાની ઉપરનાં પ્રતરોમાં વસે છે.

વૈદિક સંપ્રદાય આ વિશ્વના સ્વર્ગ, મર્ત્ય અને પાતાલ એવા ત્રણ ભાગો માને છે. તેમાં સ્વર્ગનું સ્વરૂપ નીચે પ્રમાણે જણાવે છેઃ સહુથી ઉપર સાતમું સ્વર્ગ સત્યલોક કે બ્રહ્મલોક, તેની નીચે છઠું સ્વર્ગ તપોલોક, તેની

નીચે પાંચમું સ્વર્ગ જનલોક, તેની નીચે ચોથું સ્વર્ગ મહર્લોક, તેની નીચે ત્રીજું સ્વર્ગ સ્વર્લોક, તેની નીચે બીજું સ્વર્ગ ભુવર્લોક અને તેની નીચે પહેલું સ્વર્ગ ભૂર્લોક. તેની નીચે મર્ત્યલોકને માને છે કે જેમાં આપણો નિવાસ છે. આ મર્ત્યલોકને તે પણ થાળી જેવો ગોળાકાર અને અનેક દ્વીપસમુદ્રવાળો માને છે. તેની નીચે સાત તળોવાળું પાતાળ માને છે, તે નીચે પ્રમાણેઃ–

અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ.

આધુનિક વિજ્ઞાન આ વિશ્વને અનંત આકાશના એક ભાગમાં આવેલું માને છે, પણ સૂર્ય, ચંદ્ર, તારા અને પૃથ્વી વિષેની તેની માન્યતાઓ જુદા પ્રકારની છે. તે સૂર્યને ક્રોડો માઈલ દૂર રહેલો, અતિ વિસ્તારવાળો તથા સ્થિર માને છે અને ચંદ્ર, તારા તથા પૃથ્વીને તેની આસપાસ પરિભ્રમણ કરતી માને છે. તેમાં પૃથ્વીને દડા કે નારંગી જેવી ગોળ કલ્પી તેને પોતાની ધરી ઉપર તેમજ સૂર્યની આસપાસ પરિભ્રમણ કરતી માને છે. તેની ગણના પ્રમાણે ચંદ્ર આપણી પૃથ્વીથી ઘણો નજીક એટલે માત્ર ત્રણ લાખ અને પાંસઠ હજાર માઇલનાં અંતરે આવેલો છે.

પૃથ્વીની રચના વિષે તે જણાવે છે કે પ્રથમ તે એક સળગતા ગોળા રૂપે હતી. આ સળગતો ગોળો કાળે કરીને ઠંડો પડ્યો અને તેના પર ધીમે ધીમે પડ બંધાયું, પછી તેમાં અમુક વખતે વનસ્પતિ ઉત્પન્ન થઇ, જંતુઓ ઉત્પન્ન થયાં, પશુઓ ઉત્પન્ન થયા અને તેમાંથી વાનર શરીરનો વિકાસ થતાં મનુષ્યો

નિર્માણ થયા. પૃથ્વીના ગોળાની અંદર ખૂબ ગરમી રહેલી છે, તેને એ પોતાની માન્યતાની પુષ્ટિમાં આગળ ધરે છે.

આધુનિક વિજ્ઞાન તર્કવાદથી આપણી પ્રાચીન માન્યતાઓને તોડવાનો પ્રયાસ કરે છે, પણ તેણે કરેલાં આ વિધાનો તર્કની કસોટીમાં બિલકુલ ટકી શકે તેવાં નથી. વધારે સ્પષ્ટ કહીએ તો પૃથ્વીની રચના વિષેની તેની આ માન્યતા એક પરીકથા જેવી લાગે છે. પૃથ્વીનો ગોળો અમુક વખતે જ ઠંડો કેમ પડ્યો? શા માટે તેની પહેલાં ક્રોડો વર્ષ ઠંડો ન પડ્યો? પૃથ્વીનું જે પડ નિર્જીવ હતું તેમાં એકાએક જીવન શી રીતે શરુ થયું? જો કોઈ પણ રાસાયણિક પ્રક્રિયાથી જીવન શરુ થયું તો બધી વનસ્પતિ કે બધાં જંતુ એક સરખા ઉત્પન્ન ન થતાં, જુદી જુદી જાતનાં કેમ બન્યાં? એ બધાનું આયુષ્ય સરખું કેમ નહિ? તેમનાં સુખદુઃખનાં સંવેદનમાં ભિન્નતા શા માટે? વગેરે વગેરે પ્રશ્નો એવા છે કે જેના ઉત્તર આધુનિક વિજ્ઞાન સંતોષકારક રીતે આપી શકે એમ નથી. વળી તેના સિદ્ધાંતો પણ બદલાતા રહે છે. જેમ જેમ શોધખોળ થતી જાય છે, તેમ તેમ તેમાં પરિવર્તન આવતું જાય છે, એટલે તે અત્યારે જે કોઈ વિધાનો કરે છે, તે છેવટનું સત્ય છે અને તેનાથી ભિન્ન પરિસ્થિતિ ન હોઈ શકે, એમ માનવાનું લેશમાત્ર કારણ નથી. આજે વિજ્ઞાન પ્રત્યે માત્ર શ્રદ્ધા જ નહિ, પણ અંધશ્રદ્ધા પ્રકટી રહી છે અને તે જે કોઈ વિધાનો કરે તે બરાબર જ હોય એવો ખ્યાલ ઘણાનાં મનમાં પેદા થયો છે, તેથી અમારે આટલી સ્પષ્ટતા કરવી પડે છે.

પ્રસ્તુત વિષયમાં વિશ્વ શબ્દનો જે પ્રયોગ છે, તે માત્ર આપણી પૃથ્વી પૂરતો જ છે અને તેમાં પણ વર્તમાનકાળે પ્રસિદ્ધ એવા એશિયા, યુરોપ, આફ્રિકા, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા એ પાંચ ખંડમાં વસતી માનવજાતિ માટે જ છે.

હવે શાંતિના અર્થ તરફ દૃષ્ટિપાત કરીએ. ધર્મશાસ્ત્ર કષાયનાં ઉપશમનને અથવા પાપના પરિહારને શાંતિ કહે છે; યોગશાસ્ત્ર ચિત્તની સમાહિત અવસ્થાને અથવા શમગુણને શાંતિ કહે છે; મંત્રશાસ્ત્ર ઉપસ્થિત ભયો અને ઉપદ્રવનાં નિવારણને શાંતિ કહે છે; જ્યોતિષશાસ્ત્ર દુષ્ટ ગ્રહોની અસર દૂર થાય તેને શાંતિ કહે છે; વૈદકશાસ્ત્ર વ્યાધિ કે રોગ મટી જાય તેને શાંતિ કહે છે; અને આધુનિક રાજકારણ યુદ્ધના અભાવને શાંતિ કહે છે. એટલે આજે પ્રચલિત બનેલો વિશ્વશાંતિ શબ્દ 'યુદ્ધના ભયમાંથી માનવજાતિનો બચાવ' એવા અર્થમાં વપરાય છે.

## ૩–યુદ્ધની ઉત્તરોત્તર વધી રહેલી ભયાનકતા

યુદ્ધ ઉત્તરોત્તર ભયાનક કેમ બન્યું ? તે પણ આપણે જાણી લેવું જોઈએ.

પ્રથમ મનુષ્યો યુગલરૂપે જન્મતા, એટલે પુત્ર અને પુત્રીનો જન્મ સાથે થતો, તેથી તે યુગલિક કહેવાતા. આ યુગલિક મનુષ્યો સ્વભાવે અત્યંત સરલ હતા અને વનમાં રહીને ફળફૂલ વગેરે આરોગતા. કજિયો, કંકાસ કે ઝઘડો કોને કહેવાય ? તેની તેમને ખબર ન હતી. પણ કાળબળે ફળફૂલ ઓછાં થયાં અને મારું–તારું થવા લાગ્યું. આ

વખતે એક ડાહ્યા માણસે બધાને અમુક વૃક્ષ વગેરે વહેંચી આપી ઝઘડો થતો અટકાવ્યો. આ માણસ ટોળીનો-કુલનો આગેવાન બન્યો, એટલે કુલકર ગણાયો.

આ કુલકરોના સમયમાં મનુષ્યોની સ્વાર્થભાવના ક્રમશઃ વધવા લાગી, એટલે હકાર, મકાર અને ધિક્કાર નીતિ અમલમાં આવી. કોઇ બે માણસ લડતા હોય અને કુલકર આવીને એમ કહે કે 'હેં! તમે આ શું કરો છો?' એટલે પેલા બે શરમાઇને લડવાનું છોડી દે એનું નામ હકારનીતિ. કોઈ બે માણસ લડતા હોય અને કુલકર આવીને એમ કહે કે 'આ રીતે મ લડો. એ તમને શોભતું નથી' એટલે પેલા બે શરમાઇને લડવાનું છોડી દે, એનું નામ મકારનીતિ અને કોઈ બે માણસ લડતા હોય તેને કુલકર આવીને એમ કહે કે 'ધિક્! તમે આ શું કર્યું? આ રીતે લડતા લાજતા નથી?' એટલે પેલા બે શરમાઇને લડવાનું છોડી દે, એનું નામ ધિક્કારનીતિ.

કુલકરોનો જમાનો પૂરો થયા પછી શ્રી ઋષભદેવ પ્રથમ રાજા થયા. તેમણે લોકોને રાંધતાં શીખવ્યું, વાસણ બનાવતાં શીખવ્યું, ઘર બાંધતાં શીખવ્યું તથા બીજાં પણ નાનાં મોટાં અનેક શિલ્પો શીખવ્યાં. તે સાથે તેમને લિપિ અને અંકનું જ્ઞાન પણ આપ્યું. આ વખતે કર્મ પ્રમાણે લોકસમૂહના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવા ચાર વિભાગો પડયા. તાત્પર્ય કે આજે જેને માનવસંસ્કૃતિ કે માનવસભ્યતા કહેવામાં આવે છે, તેનો આ રીતે પ્રસાર થયો.

શ્રી ઋષભદેવ ભગવાને લોકોને વ્યવહારનીતિ-

રાજનીતિનું જ્ઞાન આપ્યા પછી પોતાના સો પુત્રોને જુદા જુદા પ્રદેશોનું રાજ્ય વહેંચી આપીને સંસારનો ત્યાગ કર્યો અને યોગસાધના કરવા માંડી. આ યોગસાધનાનાં પરિણામે તેઓ કિલષ્ટ કર્મોથી મુક્ત થયા અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી સર્વજ્ઞ બન્યા. પછી તેમણે ધર્મની દેશના દીધી અને ધર્મસાધક એવા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો ચતુર્વિધ સંઘ સ્થાપ્યો. તાત્પર્ય કે તેમણે વ્યવહારનીતિ ઉપરાંત માનવસમાજને ધર્મ પણ શીખવ્યો અને જગદ્‌ગુરુનું પદ સાર્થક કર્યું.×

શ્રી ઋષભદેવ ભગવાનના બધા પુત્રોમાં ભરત સહુથી મોટા હતા અને તેઓ અયોધ્યાનું રાજ્ય સંભાળતા હતા. તેમને ચક્રવતી એટલે આ જગતના સર્વ સત્તાધીશ થવાનો વિચાર આવ્યો, એટલે તેમણે વિજયયાત્રા શરૂ કરી અને તે વખતના તમામ રાજા પાસે પોતાની આણ કબૂલ કરાવી. આને આપણે યુદ્ધની શરુઆત કહી શકીએ, કારણ કે તેમાં સૈન્ય પણ હતું અને શસ્ત્રો પણ હતાં.

આગળ શું બન્યું તે પણ અમે કહેવા ઈચ્છીએ છીએ, કારણ કે તેનાથી તે વખતની મનોભાવના અને

---

× શ્રી હેમચંદ્રાચાર્ય ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના પ્રારંભમાં તેમની નિમ્ન પદ્ય વડે સ્તુતિ કરે છે:—

आदिमं पृथिवीनाथमादिमं निष्परिग्रहम् ।
आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ॥

'પ્રથમ રાજા, પ્રથમ સાધુ અને પ્રથમ તીર્થંકર એવા શ્રી ઋષભદેવ સ્વામીની અમે સ્તુતિ કરીએ છીએ.'

યુદ્ધનીતિ પર પ્રકાશ પડશે. વિજયયાત્રા પછી ચક્રવર્તી-પદનો મહોત્સવ ઉજવાયો અને ભરતરાય ભરતેશ્વર થયા, તેમાં બધા રાજાઓએ ભાગ લીધો, પણ પોતાનો એક પણ ભાઇ સામેલ થયો નહિ. એથી તેમને ખોટું લાગ્યું અને બધા ભાઈઓને કહેણ મોકલ્યું કે 'તમારે રાજ્ય સલામત રાખવું હોય તો તાબડતોબ અયોધ્યા આવીને અમારી સેવા કરો.' ભાઈઓ તે માટે તૈયાર ન હતા, એટલે તેમણે રાજગાદીનો ત્યાગ કર્યો ને શ્રી ઋષભદેવ ભગવાનનાં ચરણની સેવા સ્વીકારી. પરંતુ તક્ષશિલાનું રાજ્ય ભોગવી રહેલા બાહુબલિએ ન તો રાજ્ય છોડયું કે ન તો તેમની સેવા કરવાની કબૂલાત આપી. તેમણે મોટાભાઈને કહેવડાવ્યું કે 'આપણી વચ્ચે સ્વામી અને સેવકનો સંબંધ ઘટી શકતો નથી, કારણ કે આપણા બંનેના સ્વામી ઋષભદેવ ભગવાન છે. વળી હું જે રાજ ભોગવું છું, તે હક્કનું ભોગવું છું અને તેનું રક્ષણ કરવાની મારી પૂરી તાકાત છે, એટલે હું આઝાદ મટીને તમારો સેવક થવાને ઈચ્છતો નથી.'

ભરતેશ્વરને માટે આ પડકાર એક કોયડા રૂપ બન્યો. એક બાજુ સાર્વભૌમ ચક્રવર્તી થવાની અનન્ય મહત્ત્વાકાંક્ષા અને બીજી બાજુ સગા ભાઈઓ સાથે યુદ્ધ કરવાના સંયોગો. તેમાં મહત્ત્વાકાંક્ષા જિતી અને ભ્રાતૃભાવ હાર્યો. મહત્ત્વાકાંક્ષાએ આ જગતમાં માનવીના હાથે કયાં કાર્યો નથી કરાવ્યાં? ન્યાય, નીતિ, ધર્મ, સદ્ભાવ, સદાચાર બધાનો તેણે દાટ વાળ્યો છે ને હજીયે તે મનુષ્યોનાં

મનમાં પેસીને એ જ કાર્યોની પુનરાવૃત્તિ કરાવી રહી છે!

યુદ્ધની નોબતો ગડગડી અને એક જબ્બર સૈન્ય લઈ ભરતેશ્વર બાહુબલિ પર ચડાઈ કરવાને ચાલ્યા. બાહુબલિને આ સમાચાર મળતાં તેઓ પણ શસ્ત્રસજ્જ થઈને સામા આવ્યા. ગંગાના કિનારે બંનેનાં સૈન્યો સામસામા ગોઠવાઈ ગયા. આ વખતે બાહુબલિએ વિચાર કર્યો કે 'અમારા બે બંધુઓ વચ્ચે તકરાર છે. તે મને નમાવવા ચાહે છે અને મારે નમવું નથી. આ સંયોગોમાં હજારો–લાખો નિર્દોષ માણસોનાં લોહી શા માટે વહેવડાવવાં? જો ભરતેશ્વર માની જાય તો સામસામા લડીને જ ફેંસલો કરી લેવો.' આ વિચારને–આ ભાવનાને અમે માનવતા કહીએ છીએ, આર્યસંસ્કાર કહીએ છીએ કે જે મનુષ્યને ગમે તેવા વિકટ પ્રસંગે પણ હિંસા તરફ ઢળી પડતો અટકાવે છે.

તેમણે ભરતેશ્વરને સંદેશો કહેવડાવ્યો કે 'સાચો-ક્ષત્રિય ન્યાય માટે લડે છે, નિર્દોષને ન રંજાડવા એ તેની પ્રતિજ્ઞા હોય છે, તેથી તમે જો લાખો નિર્દોષ માણસોનો સંહાર કરવા ન ઇચ્છતા હો તો આપણે સામસામા લડીને ફેંસલો કરી લઈએ.'

બાહુબલિનું બળ જોતાં આ સંદેશાનો સ્વીકાર કરવામાં જોખમ હતું, છતાં તે ન્યાયી અને વ્યાજબી હતો, એટલે ભરતેશ્વરે તેનો સ્વીકાર કરી લીધો અને દ્વંદ્વયુદ્ધ શરુ થયું. આજે આપણને દ્વંદ્વયુદ્ધથી સામસામી શમશેરો ખેંચાવાનો ખ્યાલ આવે છે, પણ એ દ્વંદ્વયુદ્ધ

જૂદી જાતનું હતું. તેમાં પ્રથમ દૃષ્ટિયુદ્ધ થયું, એટલે બંને જણ સામસામી નજર માંડીને તાકી રહ્યા. તેમાં કેટલાક વખત પછી ભરતેશ્વરનાં નેત્રોની પાંપણ હાલી, એટલે તેઓ દૃષ્ટિયુદ્ધ હારી ગયા. પરંતુ આ વખતે બાહુબલિએ કહ્યું કે 'ભરતેશ્વર! એમ ન સમજશો કે બનવા કાળ તેથી હું જિતી ગયો. જો તમારાં મનમાં આવો કોઈ વિચાર આવતો હોય તો ચાલો, આપણે શબ્દયુદ્ધ એટલે ગર્જનાનું યુદ્ધ ખેલીએ.'

પહેલી ગર્જના ભરતેશ્વરે કરી, તે અનેક સિંહ સાથે મળીને ત્રાડ દેતા હોય તેવી હતી. પણ બાહુબલિની ગર્જના તેના કરતાં ચડી ગઈ. દશે દિશામાં તેના બુલંદ પડઘા પડ્યા. બે ત્રણ વાર આ રીતે ગર્જનાઓ થઈ, તેમાં ભરતેશ્વર ઢીલા પડ્યા અને બાહુબલિની ગર્જના તેટલી જ જોરદાર રહી. તાત્પર્ય કે બીજું યુદ્ધ પણ ભરતેશ્વર હારી ગયા.

પરંતુ બાહુબલિને લાગ્યું કે હજી ભરતેશ્વરને વિશેષ તક આપવી. એટલે તેમણે કહ્યું: 'વડીલ બંધુ! હજી કંઇ બગડી ગયું નથી. આપણે બાહુયુદ્ધ કરીએ તેમાં પાણી બતાવજો.' એટલે બાહુયુદ્ધ થયું, પણ તેમાં યે ભરતેશ્વર ફાવ્યા નહિ. છેવટે બંને દંડયુદ્ધ પર આવ્યા, તેમાં પણ વિજય બાહુબલિની તરફેણમાં જ ગયો. આથી ભરતેશ્વરને વિચાર આવ્યો કે 'બાહુબલિએ મને બધાં યુદ્ધોમાં હરાવ્યો છે, તેથી ચક્રવર્તીપદ જરૂર તેના હાથમાં જશે.' એટલે તેમણે ચક્ર ઉપાડ્યું ને બાહુબલિ તરફ

ફેંક્યું. પણ ચક્ર કુટુંબીજન પર ચાલે નહિ, એટલે તે બાહુબલિને પ્રદક્ષિણા દઇને પાછું ફર્યું.

આ જોઈને બાહુબલિએ વિચાર કર્યો કે 'ભરતેશ્વર ભાઈનો ધર્મ ચૂકી ગયા છે, કારણકે તેમણે મારા પર જીવલેણ ચક્ર છોડયું. ભરતેશ્વર ક્ષત્રિયનો ધર્મ પણ ચૂકી ગયા છે, કારણ કે તેમણે હાથમાં સમાન હથિયાર આપ્યા વિના યુદ્ધ કર્યું. અને ભરતેશ્વર યુદ્ધનો ધર્મ પણ ચૂકી ગયા છે, કારણ કે અમારે પરસ્પરનાં યુદ્ધમાં ચક્રનો ઉપયોગ કરવાનો ન હતો. માટે હવે તે મૃત્યુદંડને યોગ્ય છે.'

આમ વિચારીને તેમણે દાંત કચકચાવ્યા અને મૂઠી ઉગામી. એમની ભુજામાં અપૂર્વ બળ હતું, એમની મૂઠીમાં અસાધારણ શક્તિ હતી, એટલે એ મૂઠી ભરતેશ્વરનાં મસ્તક પર પડી હોત તો તેમનું મસ્તક ધડમાં પેસી જાત અને જરૂર તેમને મૃત્યુદંડ મળત, પણ એ જ ક્ષણે બાહુબલિનાં મનમાં એક વિચાર ઝબકી ગયો કે 'ભાઈએ ભૂલ કરી, પણ હે જીવ! તું ભૂલ શા માટે કરે છે? એને મૃત્યુદંડ દેવાથી શું?' અને તેમણે ઉગામેલી મૂઠી હવામાં જ તોળાઇ રહી. પરંતુ વીર પુરુષે ઉગામેલી મૂઠી ખાલી જાય નહિ, એટલે તેમણે વિચાર કર્યો કે 'હવે મારે આ રાજપાટ અને પત્ની-પરિવારથી પણ સર્યું. શા માટે જઇને શ્રી ઋષભદેવ ભગવાનનાં ચરણની સેવા ન કરવી? જો મેં પૂર્વે જ તેનો સ્વીકાર કરી લીધો હોત તો મામલો આટલી હદે ન પહોંચત.' અને તેમણે એ મૂઠીથી પોતાનાં મસ્તકના વાળનો લોચ કર્યો. તાત્પર્ય કે તેમણે યુદ્ધ અને

સામનાનો વિચાર છોડી દીધો, પોતાના રોષને શાંત કર્યો અને ભાવથી સાધુતાનો સ્વીકાર કરી લીધો. પછી તેઓ પોતાના બંને હાથ નીચા રાખીને ઊભા રહ્યા.

આ બાજુ ભરતેશ્વરની હાલત ઘણી કફોડી થઈ પડી હતી, પણ તેમનો આકસ્મિક બચાવ થયો, એટલે તે હોશમાં આવ્યા ને વિચાર કરવા લાગ્યા કે 'જેણે બધા યુદ્ધમાં વિજય મેળવ્યો હતો, તેણે વિજયની પરવા ન કરતાં આ રસ્તો લીધો, એટલે તેને સેંકડો ધન્યવાદ છે.' અને તેઓ બે હાથ જોડી બાહુબલિનાં ચરણે પડ્યા. પછી તક્ષશિલાનું રાજ્ય બાહુબલિના પુત્ર ચંદ્રયશાને સોંપી ભરતેશ્વર અયોધ્યા પાછા ફર્યા, એટલે દેખાવ તો એવો થયો કે ભરતેશ્વર જિત્યા અને બાહુબલિ હાર્યા, પણ વાસ્તવિક પરિસ્થિતિ જુદી જ હતી. ભરતેશ્વર બાહુબલિને નમાવવા ગયા હતા, પણ આખરે તેને નમીને જ આવ્યા હતા, એટલે બાહુબલિ જિત્યા હતા અને તેઓ હાર્યા હતા.

ત્યારપછી અનેક યુદ્ધો લડાયાં, તેમાં મહાભારતનું યુદ્ધ ગણનાપાત્ર છે, કારણ કે તેમાં ભારતવર્ષના ઘણા રાજાઓએ ભાગ લીધો હતો અને તેમાં આગળ કદી નહિ વપરાયેલાં શસ્ત્રો પણ વપરાયા હતાં. આ યુદ્ધ પ્રબળ સ્વાર્થલાલસા, મિથ્યાભિમાન અને કૂડકપટની પરંપરાને લીધે જન્મ્યું હતું. જેનું આખું રાજ્ય જુગારમાં જીતી લીધું તેને જીવવા માટે પાંચ ગામ કે પાંચ ડગલાં જમીન આપવા માટે દુર્યોધન તૈયાર ન હતો. પણ પરિણામે તેનો તથા આખા કૌરવકુળનો નાશ થયો, એટલું જ નહિ પણ

ભારતવર્ષના અનેક મહાપુરુષો તેમાં ખપી ગયા અને તેની ખોટ ન પૂરાણી તે જ ન જ પૂરાણી. એથી આર્યસંસ્કૃતિને જબ્બર ફટકો પડ્યો અને તેનો નીતિ તથા ધર્મનો આદર્શ નીચે ઉતરી ગયો.

આ યુદ્ધમાં પાંડવોને વિજય મળ્યો, પણ એ વિજયથી તેમનું દિલ જરાયે હરખાયું ન હતું. યુધિષ્ઠિરની આંખમાંથી તો બોર બોર જેવડાં આંસુ પડ્યાં હતાં કે આ બધું શું બની ગયું ? આટલો માનવસંહાર અને તે શા માટે ? અમારી એક બીજાની જીદ માટે ?' એ પાપ-ભીરુ પાંડવોએ આખરે ત્યાગનો માર્ગ સ્વીકાર્યો હતો અને તેણે જ એમનાં ચિત્તને શાંતિ આપી હતી.

તે પછી પણ નાનાં મોટાં યુદ્ધો લડાતાં જ રહ્યાં છે અને વિજયની ધૂનમાં પડેલો મનુષ્ય એક પછી એક નીતિનાં પગથિયાં ચૂકતો ગયો છે. તેમાં સને ૧૯૧૪માં જે પ્રથમ વિશ્વયુદ્ધ થયું તેણે સહુની આંખો ખોલી નાખી. તેમાં વિમાન, બોંબ તથા અઢારથી વીશ માઇલ દૂર ગોળા ફેંકી શકે એવી તોપોનો પહેલી જ વાર ઉપયોગ થયો અને તેણે યુદ્ધમાં ભાગ નહિ લેનારા એવા પણ લાખો નિર્દોષ માણસોનો સંહાર કરી નાખ્યો. તેમાં આપણે નીતિ કે માનવતાનો આદર્શ અત્યંત નીચે ઉતરી ગયેલો જોઈ શકીએ છીએ.

સને ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરુ થયું. તે વિસ્તાર અને ભયાનકતામાં પ્રથમ કરતાં ઘણું આગળ વધી ગયું. તેણે અનેક દેશોની તારાજી કરી, ભયંકર માનવસંહાર

કર્યો અને લોકોની ધર્મવિષયક ભાવનાને પણ ભારે ચોટ પહોંચાડી. પરિણામે લાંચરૂશ્વત, કાળાં બજાર, અસાધારણ નફાખોરી, આર્થિક અસમાનતા, બેકારી, મોંઘવારી વગેરે અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા અને તેનો સંતોષકારક ઉકેલ હજી સુધી આવી શક્યો નથી.

આ યુદ્ધમાં અમેરિકાએ લડાઈનો જલ્દી અંત આવે તે માટે જાપાનના હીરોસીમા તથા નાગાસાકી એ બે શહેરો પર પહેલી જ વાર અણુબોંબ ફેંક્યા. તેમાં હીરોસીમા પર ફેંકાયેલા અણુબોંબે કેટલી તારાજી કરી હતી, તેના વિશ્વાસપાત્ર આંકડા તાજેતરમાં જાહેર થયા છે. તેમાં જણાવ્યું છે કે આ બોંબથી ૨૪૦૦૦૦ મનુષ્યો મૃત્યુ પામ્યા હતા, ૧૦૦૦૦૦ મનુષ્યોને મોટી ઈજાઓ થઈ હતી, ૭૦૦૦૦ માણસોને નાની ઈજાઓ થઈ હતી અને ૭૦૦૦ માણસોનું શું થયું ? તે જાણી શકાયું નથી. તેમાં પશુ-પક્ષીનો કેટલો સંહાર થયો હશે ? તે તો આપણે અનુમાનથી જ સમજી લેવાનું છે.

આ યુદ્ધ પૂરું થયા પછી અણુબોંબમાં વિશેષ પ્રગતિ થઈ છે, એટલે હીરોસીમા પર પ્રથમ ફેંકાયેલા અણુબોંબ કરતાં હાલનો અણુબોંબ પચાસ ગણો વધારે શક્તિશાળી બન્યો છે અને હાઈડ્રોજન બોંબ તેના કરતાં પણ વધારે શક્તિ ધરાવે છે. ઉપરાંત બીજાં પણ અણુશસ્ત્રો બન્યા છે કે જે વિષે સામાન્ય પ્રજાને વિશેષ માહિતી નથી. પણ હવે પછી ત્રીજું વિશ્વ-યુદ્ધ લડાય તો તે આ બંને વિશ્વયુદ્ધ કરતાં ઘણું ભયંકર હશે. વધારે સ્પષ્ટ કહીએ તો સર્વસંહારક હશે, કારણકે

તેમાં આ અણુશસ્ત્રોનો ઉપયોગ અવશ્ય થશે. એટલે યુદ્ધની ભયાનકતા ઉત્તરોત્તર વધતી રહી છે અને તેથી જ વિશ્વ-શાંતિનો જોરદાર શોર ચારે બાજુથી ઉઠયો છે.

## ૪–અણુશસ્ત્રો અંગે મહાજનનાં મંતવ્યો

અણુશસ્ત્રો અંગેની સાચી પરિસ્થિતિ આપણે મહાજનનાં મંતવ્યોથી જાણી શકીશું.

સને ૧૯૫૫ ના જુલાઈ માસમાં વિજ્ઞાનશિરોમણિ પ્રૉ. આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું હતું કે ‘We appeal, as human beings, to human beings, remember your humanity and forget the rest. If you can do so the way lies open to new paradise. If you cannot there lies before you the risk of universal death.’ અમે માનવ તરીકે માનવબંધુઓને અનુરોધ કરીએ છીએ કે તમે તમારી માનવતાને યાદ કરો અને બીજું બધું ભૂલી જાઓ. જો તમે એમ કરી શકશો તો તમારા માટે અભિનવ સ્વર્ગનો રસ્તો ખુલ્લો છે. જો એમ નહિ કરી શકો તો તમારા માટે સર્વસંહારક મૃત્યુનો ભય ઊભેલો છે.’

નોબલ પુરસ્કારના વિજેતા પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી ડૉ. પાર્સિંગે કહ્યું છે કે ‘જો આ અણુબોંબનું પરીક્ષણ ચાલુ રહેશે તો જગતના ૧૦ લાખ મનુષ્યોનું આયુષ્ય ૫ થી ૧૦ વર્ષનું ઘટી જશે અને આગામી ૨૦ પેઢીઓ સુધી ૪૦,૦૦,૦૦૦ લાખ બાળકોનાં મસ્તિષ્ક તથા શરીર વિકૃત થઈ જશે. ×

× સને ૧૯૫૨માં માર્શલ દ્વીપસમૂહની અંદર હાઈડ્રોજન

ભારતના પ્રતિભાશાળી પુરુષની ખ્યાતિ પામેલા શ્રી ચક્રવર્તી રાજગોપાલાચારીએ તાજેતરમાં બેંગલોર કૉલેજના શતાબ્દિમહોત્સવ પ્રસંગે કહ્યું હતું કે—

'પરમ અને સર્વશક્તિમાન પ્રજ્ઞાને લગતી પરંપરાથી ચાલી આવતી સર્વ માન્યતાઓને ધકેલી કાઢીને ઓગણીસમા સૈકાના તર્કવાદે સિંહાસન કબ્જે કર્યું છે, પરંતુ બુદ્ધિયુગના ૧૦૦ વર્ષ પછી આપણને માલુમ પડ્યું છે કે સંયમ વિનાનું જ્ઞાન આફતકારી વસ્તુ છે. ઈડનના બગીચામાંનાં પેલાં જ્ઞાનવૃક્ષ અને ઇવ વિષેની 'પવિત્ર દંતકથા' જ્ઞાનપ્રલોભનના સિદ્ધાંતનો એક નવો જ અને ભયંકર અર્થ પામી રહી છે અને સમય જતાં માનવજાતિને કોઈ ચમત્કાર ઉગારી નહિ લે તો આ જ્ઞાન સંસ્કૃતિના વિનાશમાં પરિણમશે.

'અમેરિકન વૈજ્ઞાનિકોનાં મહામંડળની સમિતિને તાજેતરમાં એવું માલમ પડ્યું છે કે અણુશસ્ત્રો ધરાવતાં રાષ્ટ્રો અણુબોંબોના જે જથ્થાઓ ધરાવે છે, તે સમગ્ર માનવજાતિને આ પૃથ્વીના પડ પરથી ભૂંસી નાખવા માટે પૂરતા છે અને અણુશસ્ત્રોના સામુદાયિક હુમલા સામે કોઇ પણ પ્રકારનું સંરક્ષણ શોધી શકાય એવી કશી સંભાવના નથી.

---

બોંબની શક્તિનું પરીક્ષણ થયું હતું. બે મીનીટમાં કાળા તથા સફેદ ભયંકર વાદળ ચાલીશ હજાર ફીટની ઊંચાઈએ પહોંચ્યાં હતાં. પછી એ વાદળ દશ માઈલ ઊંચે અને સો માઈલ વિસ્તારમાં ફેલાયાં હતાં. જે દ્વીપમાં આ પરીક્ષણ થયું હતું તેની હસ્તી કાયમને માટે નાબૂદ થઈ છે.

'કદાચ યુદ્ધ ફાટી ન નીકળે અને આપણે અણુબોંબ હથિયારોની લડાઈઓમાંથી ઉગરી જઈએ તો પણ આ બધાં અણુશસ્ત્રો બનાવવાના અને તેની સુધારણા કરવાના અખતરાઓની પ્રક્રિયાને કારણે સમગ્ર વિશ્વ તેનાં ભાવિ બાળકો સહિત વિષમય બની ગયું છે. અણુબોંબોના આ પ્રયોગાત્મક ધડાકાઓથી ઉડતી કિરણોત્સર્ગી રજને લીધે માનવજાતિનું બીજ ઝેરી થઈ રહ્યું છે. નામાંકિત વૈજ્ઞાનિકો કહે છે કે આ પ્રયોગોથી જે કેટલાંક તત્ત્વો વાતાવરણમાં ફેલાયાં છે—જેવા કે કાર્બનના 'આઇસોટોપ્સ'–તેનાં ઝેરી સ્વરૂપ હજારો વર્ષ સુધી અસ્તિત્વમાં રહેશે, જેને પરિણામે મનુષ્યનાં બીજની વિકૃતિઓ સર્જાશે અને પરિણામે બાળકો ઘણાં જ કદરૂપાં જન્મશે.'

રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદજીએ દિલ્હીમાં યોજાયેલા વિશ્વમૈત્રીદિન પ્રસંગે કહ્યું હતું કે 'વૈજ્ઞાનિક શોધખોળ ઘણી આગળ વધી જવાથી મનુષ્યે પ્રકૃતિ પર એટલો અધિકાર મેળવી લીધો છે કે વિભિન્ન પ્રકારના વિનાશકારી શસ્ત્રાસ્ત્ર તેને હાથ લાગી ગયાં છે. તાત્કાલિક ચિંતાનું કારણ એ છે કે જો રાષ્ટ્રોમાં પરસ્પર અણગમો ચાલુ રહ્યો અને યુદ્ધનાં કારણો દૂર કરી સ્થાયી શાંતિની સ્થાપના ન કરી શકાઈ તો માનવસમાજનું અસ્તિત્વ અને આધુનિક સભ્યતા બંને પૂર્ણ ભયમાં મૂકાઈ જશે.'

આપણા મહામાત્ય પંડિત જવાહરલાલ નહેરુ કે જે વિશ્વમાં બની રહેલા બનાવોના સતત સંપર્કમાં રહે છે અને વૈજ્ઞાનિક શોધખોળોમાં ભારે દિલચસ્પી ધરાવે છે,

તેમણે પણ તાજેતરમાં અલ્હાબાદ યુનિવર્સિટીના પદવીદાન-પ્રસંગે આ અણુશસ્ત્રોની ભયાનકતા પર ખૂબ વિવેચન કરીને જણાવ્યું હતું કે 'અણુશસ્ત્રોનો ઉપયોગ થશે તો વિનાશ નક્કી છે, કારણ કે કોઈ પણ દેશ આ અણુશસ્ત્રોનો મર્યાદિત ઉપયોગ કરી શકશે નહિ.' (અર્થાત્ બીજાને અસર પહોંચશે અને પોતાને અસર નહિ પહોંચે એવું નથી.)

સંત વિનોબાજીએ ગત ડીસેમ્બર માસમાં અમદાવાદ ખાતે પ્રચંડ માનવમેદનીને ઉદ્બોધન કરતાં તેમની લાક્ષણિક શૈલીમાં જણાવ્યું હતું કે 'વિજ્ઞાન+હિંસા એટલે સર્વનાશ. વિજ્ઞાન+અહિંસા એટલે સર્વોદય. જે જમાનામાં કૂતરું પણ ૮૦૦ માઈલ ઊંચું ઉડે તેમાં માનવી નીચે જાય એ કેમ ચાલે?'

આ પરથી અણુશસ્ત્રની ભયાનકતાનો ખ્યાલ આપણને આવી શકશે.

## ૫–વિશ્વશાંતિ માટેના પ્રયાસો અને આપણું કર્તવ્ય

પહેલાં વિશ્વયુદ્ધે સઘળા સહૃદય મનુષ્યોને ભારે આઘાત પહોંચાડ્યો હતો, તેથી આવું દૃશ્ય ફરી ખડું ન થાય તે માટે તેમણે વિશ્વશાંતિનો પોકાર કર્યો હતો. વિશ્વયુદ્ધનું પરિણામ જોઈને જગતના મુસદ્દીઓ પણ ચોંકયા હતા, તેથી ભવિષ્યમાં બીજું વિશ્વયુદ્ધ ન થાય તે માટે તેમણે 'લીગ ઑફ નેશન્સ' ની સ્થાપના કરી તેની મારફત મહત્ત્વના રાજદ્વારી પ્રશ્નોનો ઉકેલ આણવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ કોઈ પણ તકરારી પ્રશ્નોનું સમાધાન ત્યારે જ થાય છે કે જ્યારે બંને પક્ષો એક બીજાને બરાબર સમ-

જવાનું વલણ બતાવે છે, એક બીજાની મુશ્કેલીઓ પ્રત્યે સહાનૂભૂતિ દર્શાવે છે અને ન્યાયની ખાતર પોતાને કંઈ જતું કરવું પડતું હોય તો તે જતું કરવાને પણ તૈયાર રહે છે. પરંતુ અહીં પરિસ્થિતિ જૂદી હતી. દરેકને પોતાના હકની રક્ષા કરવી હતી, સામાનો વિચાર કરવો નહતો, સામાની મુશ્કેલીઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવી ન હતી અને દુર્યોધનની જેમ પોતાના તાબામાં આવી ગયેલા રાજ્યોનો એક નાનો ટુકડો પણ જતો કરવો ન હતો, એટલે એ પ્રયાસનું કંઇ પરિણામ આવ્યું નહિ.

જર્મનીએ યુદ્ધ માટે માથું ઉચક્યું હતું અને છેવટે તે હારી ગયું હતું, એટલે તેના પર અસાધારણ કરનો બોજો નાખી દેવામાં આવ્યો હતો, જેથી તે વર્ષો સુધી ઊભું થઈ શકે નહિ કે ફરી યુદ્ધનું નામ લે નહિ. બીજા શબ્દોમાં કહીએ તો આ રીતે વિજયી રાજ્યોએ તેના પરનું વૈર લેવાનો પૂરો પ્રયત્ન કર્યો હતો. વૈરથી વૈર શમતું નથી, એ ભારતવર્ષની શ્રેષ્ઠ પ્રજ્ઞાએ ઉચ્ચારેલો અભિપ્રાય છે, પણ તે આ રાજ્યોના સૂત્રધાર સુધી પહોંચ્યો ન હતો કે પહોંચ્યો હોય તો તેને હિતાવહ માનવાની તેમની તૈયારી ન હતી. પરંતુ બનેલા બનાવોએ બતાવી આપ્યું છે કે ભારતવર્ષની પ્રજ્ઞા સાચી હતી અને તેઓ ખોટા રસ્તે હતા. જર્મની ધારવા કરતાં ઘણું વહેલું તૈયાર થઇ ગયું ને વિજ્ઞાનનાં બળ પર મુસ્તાક બનીને તેણે વિશ્વની મહાસત્તાઓ સામે ફરી માથું ઉચક્યું. આ રીતે સને ૧૯૩૯ માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. તેમાં કોનો

કેટલો દોષ હતો, તે ચર્ચા અહીં અપ્રસ્તુત છે. આ યુદ્ધ પણ જર્મની હારી ગયું અને ઈટલી, જાપાન વગેરેને પણ કાતિલ ફટકો મારતું ગયું. તેનાં જે અનિષ્ટ પરિણામો આવ્યાં તે હમણાં જ આપણે જોઈ ગયા છીએ.

આ પરિણામથી વિશ્વની જનતા કકળી ઉઠી અને રાજદ્વારી પુરુષોને પણ એમ લાગ્યું કે હવે આ જગત પર ત્રીજું વિશ્વયુદ્ધ થવું ન જોઇએ. તેથી તેમણે વિશ્વશાંતિ માટે ફરી કમર કસી અને 'ધી યુનાઇટેડ નેશન્સ ઓફ ધી વર્લ્ડ' નામની સંસ્થા સ્થાપી, જે આજે યુ. નો. ના નામથી પ્રસિદ્ધ છે અને અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ખાતે પોતાનું વડું મથક રાખીને પોતાનું કામકાજ ચલાવી રહી છે. આ સંસ્થા વિશ્વના અગત્યના રાજદ્વારી પ્રશ્નો હાથ ધરે છે અને તેનો શાંતિભર્યો ઉકેલ લાવવા પ્રયાસો કરે છે, પણ હજી સુધી કોઈ પણ મહત્ત્વના રાજદ્વારી પ્રશ્નનો તે સંતોષકારક–સફળ ઉકેલ લાવી શકી નથી. દાખલા તરીકે કાશ્મીરનો પ્રશ્ન છેલ્લા દશ વર્ષથી તેની પાસે ગયો છે, પણ હજી સુધી તે અણઉકેલ રહ્યો છે અને તેનાથી ઉત્પન્ન થયેલી કડવાશ જરાયે ઘટી નથી, બલ્કે કંઈક વધવા પામી છે.

બીજી બાજુ વિશ્વશાંતિની વાતો કરનારા આ રાજદ્વારી પુરુષો શસ્ત્રસરંજામ અને સૈન્યોની પાછળ ગંજાવર ખર્ચ કરી રહ્યા છે અને અણુશસ્ત્રો જેવી ભયંકર વસ્તુઓનું નિર્માણ પણ કરી રહ્યા છે, એટલે તેમને ખરેખર શાંતિ જોઈએ છે કે કેમ? એ પ્રશ્ન ઘણાનાં મનમાં ઉઠે છે. તેના

ઉત્તરમાં આ રાજદ્વારી પુરુષો કહે છે કે 'અમે તો શસ્ત્રાસ્ત્રનું આટલા વિશાળ પાયે નિર્માણ એટલા માટે કરીએ છીએ કે અમારી એ સામગ્રી જોઇને જ બીજો કોઈ અમારા ઉપર હુમલો કરવાની હિંમત કરે નહિ. તાત્પર્ય કે એ રીતે યુદ્ધ જાગવાની સંભાવના અટકી જાય અને શાંતિ જળવાઈ રહે.' પણ આ ઉત્તર ભાગ્યે જ કોઈ પણ સુજ્ઞજનનાં મનનું સમાધાન કરી શકે એવો છે. જે શસ્ત્રસરંજામની પાછળ ક્રોડો–અબજો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, તે માત્ર ધાક બેસાડવા માટે જ છે અને સમય આવ્યે તેનો ઉપયોગ આક્રમણ માટે નહિ થાય એની ખાતરી શું? બિલાડીઓનો સમૂહ એમ કહે કે હવે અમે ઊંદરોને પકડવાનું તથા મારવાનું બંધ રાખ્યું છે, તો એ વાત કોનાં ગળે ઉતરે? તાત્પર્ય કે રાજદ્વારી પુરુષોની હાલની હિલચાલ જનતાનાં મનમાં શાંતિની કોઈ પ્રતીતિ જન્માવી શકતી નથી અને એ રીતે તેમનો પ્રયાસ નિષ્ફળ નહિ તો નિષ્ફળતાની સમીપે જઈ રહ્યો છે. આ સંયોગોમાં આપણું કર્તવ્ય શું હોઈ શકે? એ આપણે વિચારવાનું છે.

## ૬–'આપણે શું?' એ વલણ હિતાવહ નથી

કેટલાક એમ માને છે કે હવે પછી યુદ્ધ થશે તો અમેરિકા ને રશિયા બે સામસામા આથડશે અને તેનાં છાંટા યુરોપને તથા મધ્ય એશિયાને ઉડશે, તેથી આપણે શું? તાત્પર્ય કે આ સંયોગોમાં આપણે તેની કોઇ ચર્ચા–વિચારણા કે માથાકૂટમાં ઉતરવાની જરૂર નથી. પણ આ વિચાર ભૂલભરેલો છે.

ઘરમાં કોઈ અસાધારણ બનાવ બન્યો હોય તો તેની અસર આપણા જીવનવ્યવહાર પર થાય છે.

પાડોશમાં કોઈ અસાધારણ બનાવ બન્યો હોય તો તેની અસર પણ આપણા જીવનવ્યવહાર પર થાય છે. દાખલા તરીકે આગ લાગી હોય તો આપણે પણ આપણું ઘર સંભાળવું પડે છે અને જરૂર પડે તો ગાંસડાંપોટલાં બાંધી બીજે ચાલ્યા જવું પડે છે. અથવા કોઇ ચોર પેઠા હોય તો ત્યાંથી આપણાં ઘરમાં ન આવે તેની તકેદારી રાખવી પડે છે અને બચાવનાં સાધનો તૈયાર કરવા પડે છે.

ગામ પર વારંવાર ધાડ પડતી હોય, કોઈ દુશ્મનનો હલ્લો થતો હોય, હવાપાણી બગડ્યા હોય કે પાણીનાં પુર વગેરેનો ભય ઉપસ્થિત થયો હોય તો તેની અસર પણ આપણા જીવનવ્યવહાર પર થાય છે. એ સંયોગોમાં આપણે ગામ છોડી દેવું પડે છે અથવા બચાવના ઉપાયો યોજવા પડે છે.

તાલુકા કે દેશમાં દુકાળ પડ્યો હોય, અતિવૃષ્ટિ થઈ હોય, તીડ વગેરેનાં કારણે પાકનો નાશ થયો હોય, બહારવટિયા વગેરેનો ત્રાસ ફેલાયો હોય કે બખેડો જાગ્યો હોય, તો પણ આપણા જીવનવ્યવહાર પર અસર થાય છે અને એ આફતમાંથી કેમ બચવું ? તેની ગંભીર વિચારણા કરવી પડે છે.

તે જ રીતે વિશ્વના કોઈ પણ ભાગમાં અસાધારણ બનાવો બને તો તેની અસર પણ આપણા જીવનવ્યવહાર

પર થયા વિના રહેતી નથી. તેથી 'આપણે શું?' એવું બેદરકારીભર્યું વલણ બતાવવું ઇષ્ટ નથી. જેઓ આ રીતે બેદરકારીભર્યું વલણ બતાવે છે, તેમની સ્થિતિ રાજમહેલના વાનરો જેવી થાય છે.

એક રાજમહેલમાં કેટલાક વાનરોને પાળવામાં આવ્યા હતા. તેમને રાજકુમારો સારું સારું ખવડાવતા, ખૂબ રમાડતા અને ખૂબ કુદાવતા. આથી તેમને રાજમહેલમાં ખૂબ ગમી ગયું હતું અને તેમનો બધો સમય આનંદમાં પસાર થતો હતો.

તે જ મહેલમાં એક ઘેટાનું ટોળું પાળવામાં આવ્યું હતું, જે નાના રાજકુમારોને સવારી કરવા માટે ઉપયોગી હતું. આ ટોળામાં એક ઘેટો વકરેલો હતો. તે પાસે આવેલા રાજાના રસોડામાં પેસી જતો, જે તે વસ્તુઓમાં મોઢું નાખીને તેને એઠી કરતો અને તેમાંની કેટલીક ખાઈ પણ જતો. આથી રસોઈયો તેના પર ખૂબ ગુસ્સે થતો અને હાથમાં લાકડું-લોઢું જે કંઈ આવ્યું તેનો છૂટો ઘા કરતો. આમ વારંવાર બન્યા કરતું, પરંતુ ન તો ઘેટો પોતાની ટેવ સુધારતો કે ન તો રસોઈયો તેના પર ઘા કર્યા વિના રહેતો.

વાનરો આ બનાવ નજરે નિહાળતાં પણ 'આપણે શું?' એમ માનીને તેની ઉપેક્ષા કરતા અને પોતાની રમતગમતમાં મશગુલ રહેતા. પરંતુ એક દિવસ તેમાંના એક સમજુ વાનરે બધાને એકાંતમાં બોલાવ્યા અને કહ્યું કે 'ભાઈઓ! જ્યાં ઘેટાની અને રસોઇયાની રોજ લડાઈ

ચાલુ હોય ત્યાં આપણે રહેવું સારું નહિ. એમાં કોઈ વખત આપણું નિકંદન નીકળી જાય. માટે આપણા ઉપર આફત આવે તે પહેલાં જ આપણે આ રાજમહેલનો ત્યાગ કરી વનમાં ચાલ્યા જઈએ. ત્યાં આપણું જીવન સુખેથી નિર્ગમન થશે.'

આ સાંભળી એક વાનરે કહ્યું કે 'ઘેટાં અને રસોઇયાની લડાઈ ચાલતી હોય તેમાં આપણે શું? એ બંને એમનું ફોડી લેશે, માટે આપણે તેનાથી ભય પામી ચાલ્યા જવાની કોઇ જરૂર નથી.'

બીજા વાનરે કહ્યું કે 'આ લડાઈ તો ઘણા વખતથી ચાલે છે, એટલે આપણા પર આફત આવવાની હોત, તો ક્યારની યે આવી ગઇ હોત.'

ત્રીજા વાનરે કહ્યું કે 'ઘેટો અને રસોઈયો બે લડયા કરે અને તેમાં આફત આપણા ઉપર ઉતરે એ વાત જ મને તો હસવા જેવી લાગે છે.'

ચોથા વાનરે કહ્યું કે 'અહીં આપણને અમૃત જેવાં મીઠાં ભોજન મળે છે અને વનમાં જઈએ તો ત્યાં લૂખાં–સૂકાં ફળો તથા પાંદડાં ખાવા પડશે, માટે હાથે કરીને આફત શા માટે વહોરી લેવી?'

ઉત્તરમાં સમજુ વાનરે કહ્યું કે 'મેં આ બનાવ પર બહુ ઊંડાણથી વિચાર કર્યો છે અને તેમાં મને આપણું જે ભાવી દેખાયું છે, તે તમને જણાવ્યું છે. માટે મારાં વચન પર વિશ્વાસ રાખો અને આ સ્થળ છોડી દો.'

પરંતુ કોઈએ તેની શિખામણ માની નહિ, એટલે

એ સમજુ વાનર રાજમહેલ છોડીને એકલો જ વનમાં ચાલ્યો ગયો અને બીજા વાનરો તેને મૂર્ખ માની તેની મૂર્ખાઈ પર હસવા લાગ્યા.

આ બાજુ ઘેટા અને રસોઈયાની લડાઈ ચાલુ જ હતી. તેમાં એક દિવસ અત્યંત ક્રોધાવેશમાં આવેલા રસોઈયાએ પેલા ઘેટાંને સળગતું લાકડું માર્યું, તેથી ઘેટો સળગી ઉઠ્યો ને બરાડા પાડતો પાસેની અશ્વશાળામાં પેઠો. ત્યાં જમીન પર આળોટીને પોતાનું સળગતું શરીર બુઝાવા લાગ્યો. એમ કરતાં ત્યાં પડેલું ઘાસ સળગી ઉઠ્યું અને જોતજોતામાં પ્રચંડ આગ ભભૂકવા લાગી. આથી તે અશ્વશાળામાં બાંધેલા ઘણા ઘોડાઓ દાઝી ગયા ને કેટલાક મૃત્યુ પણ પામ્યા.

આ ઘોડાઓ ઘણા કિંમતી હતા અને રાજાને ખૂબ પ્રિય હતા, એટલે તેણે અશ્વચિકિત્સકોને બોલાવ્યા અને દાઝી ગયેલા ઘોડાઓને સારા કરવાનો ઉપાય પૂછ્યો. એ અશ્વચિકિત્સકોએ કહ્યું કે ‘જો વાનરની તાજી ચરબી આ દાઝેલા ઘોડાઓનાં શરીર પર લગાડવામાં આવે તો તેમને તરત સારું થઈ જાય. માટે જેમ બને તેમ જલ્દી વાનરની ચરબી મેળવો.’

રાજાએ કહ્યું કે ‘એ કામ સરલ છે, કારણ કે આપણા રાજમહેલમાં વાનરોનું એક ટોળું પાળેલું છે.’ પછી રાજાના હુકમથી રાજસેવકોએ બધા વાનરોને લાકડી વગેરેના પ્રહારથી મારી નાખ્યા અને તેમના મૃત દેહમાંથી ચરબી કાઢીને દાઝેલા ઘોડાનાં શરીરે લગાડી. મરતી વખતે

હરેક વાનરને લાગ્યું કે પોતે પેલા વાનરની શિખામણ ન માનવામાં ગંભીર ભૂલ કરી હતી, પણ હવે કોઈ ઉપાય હાથમાં રહ્યો ન હતો.

તાત્પર્ય કે નજીક યા દૂરના કોઈ પણ ભાગમાં યુદ્ધ ચાલતું હોય તો 'આપણે શું?' એવું બેદરકારીભર્યું વલણ બતાવવું ઈષ્ટ નથી. તે માટે આપણે પણ યોગ્ય ચર્ચા–વિચારણા કરવી જોઈએ.

આજે તાર, ટેલીફોન અને રેડિયો જેવાં સાધનોદ્વારા વિશ્વનો સંદેશવ્યવહાર ઝડપી બન્યો છે અને અવર–જવરનાં સાધનોમાં પણ ઘણી ગતિ આવી છે, તેથી વિશ્વના જુદા જુદા ભાગમાં બનતા બનાવોની અસર આપણા જીવનવ્યવહાર પર જલ્દી થાય છે અને તે આપણી નીતિ તથા ધર્મવિષયક ભાવનાને પણ સ્પર્શી જાય છે. તેમાં યે એ બનાવ વિશ્વયુદ્ધ જેવો મહાન હોય તો તેની અસર આપણાં સમસ્ત જીવનવ્યવહાર પર ખૂબ ઘેરી પડે છે, એ આપણે લડાઈ ગયેલાં બે વિશ્વયુદ્ધોથી બરાબર અનુભવ્યું છે.

## ૭–યોગ્ય વિચારણા અદ્ભુત પરિવર્તન લાવી શકે છે.

કેટલાક કહે છે કે 'વિશ્વયુદ્ધની અસર આપણાં જીવન ઉપર થવાની હોય તો પણ આપણી વિચારણાથી શું થવાનું છે? એનો છેવટનો આધાર તો જગતની મહાસત્તાઓ ઉપર જ છે.' પરંતુ આ કથન વાસ્તવિક પરિસ્થિતિ સમજ્યા વિનાનું છે. જો વિચારણા યોગ્ય હોય અને તેની પાછળ સંકલ્પ તથા પ્રચારનું બળ હોય તો તે

વિશ્વના એક છેડાથી બીજા છેડા સુધી પહોંચી શકે છે, લાખો મનુષ્યના યુદ્ધવિષયક વિચારોમાં પરિવર્તન કરી શકે છે અને એ રીતે જે લોકમત તૈયાર થાય છે, તેની અસર જગતની મહાસત્તાઓ ઉપર પણ પડે છે. તાત્પર્ય કે તે અદ્‌ભુત પરિવર્તન લાવી શકે છે. વળી આજે તો જગતનાં લગભગ બધાં જ રાષ્ટ્રો પ્રજાતંત્રવાદી છે, એટલે પ્રજામત, જનમત કે લોકમતની અસર રાષ્ટ્રના મોવડીઓ ઉપર ઘણી મોટી પડવાનો સંભવ છે. યુદ્ધ અને શાંતિ એ બંને વિચારોથી સર્જાય છે, એ આપણે ભૂલવાનું નથી.

'યુદ્ધ અને શાંતિ એ બંને વિચારોથી શી રીતે સર્જાય?' એ ઘણાને સમજાતું નથી, એટલે તે વિષે પણ અહીં થોડું સ્પષ્ટીકરણ કરીશું. જગત પર જે જે યુદ્ધો થયા, તે અમુક વ્યક્તિ કે વ્યક્તિઓના વિચારોને લીધે જ થયા છે. ભરતેશ્વરનાં મનમાં ચક્રવર્તી થવાની મહત્ત્વાકાંક્ષા જાગી, એટલે શસ્ત્રો તૈયાર થયા, સૈન્ય તૈયાર થયું અને આક્રમણ ચાલુ થતાં જગત્ પર યુદ્ધ સર્જાયું. કૌરવોનાં મનમાં સ્વાર્થલાલસા પ્રબળ બની, ઇર્ષ્યાનો વેગ વધી ગયો અને ફૂડકપટે જોર પકડયું, એટલે જગત્ પર બીજું મહાભારત સર્જાયું. તે જ રીતે જર્મનીના સરમુખત્યાર ઍડોલ્ફ હીટલરનાં મનમાં એવો વિચાર આવ્યો કે અમારી પાસે વૈજ્ઞાનિક સાધનોનું બળ છે, શિસ્તબદ્ધ સૈનિકો છે અને આક્રમણ કરવાની આવડત પણ છે, તો અમે જગતની સાર્વભૌમ સત્તા શા માટે ન બની શકીએ?' અને તેણે તૈયારીઓ કરી, તેમાંથી બીજું વિશ્વયુદ્ધ સર્જાયું. આ રીતે

જગત પર ત્રીજું વિશ્વયુદ્ધ આવશે તો તે પણ સ્વાર્થ, ઇર્ષ્યા, વૈરવૃત્તિ, ભય, શંકા વગેરે માનસિક વૃત્તિઓને લીધે જ આવશે, તેથી યુદ્ધ વિચારોથી સર્જાય છે, એમ કહેવું ઉચિત છે.

જો ઉક્ત વિચારમાં પરિવર્તન આવે તો યુદ્ધની મનોવૃત્તિ દૂર થાય અને શાંતિ જળવાઈ રહે, એટલે શાંતિ પણ વિચારથી સર્જાય છે, એમ માનવું જોઇએ. બાહુબલિના વિચારમાં પરિવર્તન થયું, એટલે બંને પક્ષનાં સૈન્યો વચ્ચે તુમુલ યુદ્ધ થતું અટકી ગયું અને વિચારમાં પરિવર્તન થયું, તેથી જ દ્વંદ્વયુદ્ધનો અંત પણ શાંતિભર્યા વાતાવરણમાં આવ્યો. એટલે વિશ્વશાંતિનો પ્રશ્ન એ વિચારપરિવર્તનનો જ પ્રશ્ન છે.

તીર્થંકરો, તથાગતો તેમજ અન્ય ઋષિ–મહર્ષિઓ જગતને ઉપદેશ આપે છે, તેનું કારણ શું? તેનું કારણ એ જ કે જે વિચારો મનુષ્યને પાપપ્રવૃત્તિ તરફ ધકેલે છે અને જેના લીધે તે પોતાનું તથા પારકાનું હિત બગાડે છે, તેમાં પરિવર્તન કરવું.

કેટલાક કહે છે કે 'વિશ્વ પર આ અભૂતપૂર્વ આફત સર્જનારા વૈજ્ઞાનિકો છે. તેઓ અણુશસ્ત્રો બનાવવાનો કે તેનું સંચાલન કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દે તો રાજ–સત્તાઓ શું કરી શકે?' પરંતુ આ પ્રશ્ન પણ વિચાર પરિવર્તનનો જ છે. આજના વૈજ્ઞાનિકોએ જે વિજ્ઞાનની દીક્ષા લીધી છે, તેમાં આત્મા નથી, પુણ્ય–પાપ નથી અને પરલોક જેવી કોઈ વસ્તુ નથી. એટલે તેઓ પણ કામ-

સુખનાં મુખ્ય સાધનરૂપ ધનની પાછળ પડયા છે અને તેથી તેમણે રાજ્યાશ્રયનો સ્વીકાર કર્યો છે. જો તેમનાં દિલમાંથી આ ધનલાલસા નીકળી જાય તો જ તેઓ રાજ્યાશ્રયનો ત્યાગ કરે અને પોતાની શક્તિનો ઉપયોગ માનવહિતનાં અન્ય કાર્યોમાં કરે.

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે આજના વિજ્ઞાને ઘણા લોકોને ધનલાલસાનો ચેપ લગાડયો છે, નીતિનું ધોરણ ખૂબ નીચું ઉતરી ગયું છે અને તેઓ પોતાનાં વ્યક્તિગત જીવનમાં પણ શાંતિનો અનુભવ કરી શકતા નથી. તેમનાં એ વિચારોનું પરિવર્તન થાય તો જ તેઓ શાંતિ અનુભવી શકે. આ વિષયમાં અમને એક ક્રોડપતિ શેઠનું દૃષ્ટાંત યાદ આવે છે.

## ૮–ક્રોડપતિ શેઠનું દૃષ્ટાંત

એક રાજાએ વિચાર કર્યો કે મારા નગરમાં કેટલા ક્રોડપતિઓ છે અને તેમની પાસે કેટલું ધન છે? તે મારે જાણવું. આથી તેણે ઢંઢેરો પીટાવ્યો કે 'જેની પાસે જેટલા ક્રોડ રૂપિયા હોય તેટલી ધજાઓ તેણે પોતાનાં ઘર પર ફરકાવવી અને તે ધજાઓ રાજ્યની મુખ્ય કચેરીએથી લઈ જવી. તેમાં જેની પાસે છપ્પનક્રોડ રૂપિયા હશે, તેને ખાસ ધજા મળશે અને તેનાં ઘરે રાજસેવકો આવીને નિત્ય ભેરી વગાડશે.'

આ ઢંઢેરો સાંભળીને ધનપાળ શેઠે વિચાર કર્યો કે 'હાલ તો મારી પાસે બેક્રોડ રૂપિયા છે, પણ વિશેષ પ્રયત્ન કરું તો છપ્પન ક્રોડ રૂપિયા થઈ જાય અને મારાં ઘરે

ખાસ ધજા ફરફરે તથા રાજસેવકો આવીને ભેરી વગાડે.' આથી વધારે રૂડું બીજું શું હોઈ શકે ? એટલે તેમણે ચોપન ક્રોડ બીજા મેળવવાનો નિશ્ચય કર્યો.

લક્ષ્મીને વધારવાનો મુખ્ય ઉપાય વ્યાપાર છે, એટલે તેમણે વ્યાપારમાં ખૂબ વધારો કર્યો અને પુણ્ય પહોંચતું હતું તેથી તેમાં નફો પણ સારી રીતે થવા લાગ્યો. બીજી બાજુ શેઠે ખર્ચમાં કાપકૂપ કરવા માંડી કે જેથી પોતાનો છપ્પન ક્રોડ રૂપિયા ભેગા કરવાનો સંકલ્પ જલ્દી પાર પડે.

આ રીતે કેટલાંક વર્ષો વ્યતીત થયા પછી ધનપાળ શેઠ પાસે પંચાવન ક્રોડ રૂપિયા થઇ ગયા અને માત્ર એક ક્રોડ રૂપિયા કમાવવાના જ બાકી રહ્યા ! 'એ તો હમણાં કમાઈ લઈશ' એવો શેઠને દૃઢ વિશ્વાસ હતો, પણ તેમનું છેલ્લું સાહસ નિષ્ફળ નીવડયું અને બે ક્રોડ રૂપિયા ઓછા થયા ! પરંતુ શેઠ હિંમત હારે તેવા ન હતા. તેમણે ફરી બાંયો ચડાવી, એક બીજો દાવ નાખ્યો અને તેથી ગયેલાં બે ક્રોડ પાછા મેળવી લીધા.

શેઠને છપ્પન ક્રોડની પૂરી લગની લાગી હતી, એટલે સૂતાં, ઉઠતાં, બેસતાં એ જ વિચાર આવતો અને એમાં જ તે આખો દિવસ રચ્યાપચ્યા રહેતા, પણ જે એક ક્રોડ ખૂટતા હતા, તે પૂરા થયા નહિ. પંચાવનના ચોપન થાય, ત્રેપન થાય, બાવન થાય ને વળી પાછા પંચાવન થાય, પણ સરવાળો છપ્પન સુધી પહોંચે નહિ. આથી શેઠનાં મનમાં ભારે ચિંતા પેઠી.

રોજ ભાતભાતનાં ભોજન તૈયાર થાય અને શેઠાણી

પોતે પીરસવા બેસે, પણ શેઠનું ચિત્ત ખાવામાં ચોટે નહિ. સૂવા માટે મોટા છપ્પર પલંગ અને રેશમની તળાઈઓ છતાં અનેકવાર પડખાં બદલે ત્યારે જ શેઠને થોડી ઊંઘ આવે. કોઈ મળવા આવે તો શેઠને વાત કરવાનું દિલ થાય નહિ. દેવદર્શન અને સેવા પૂજા તો ધન કમાવાની ધૂનમાં ઘણા દિવસથી છૂટી ગયા હતા. વળી દાન દેતાં ધન ઓછું થાય, એટલે તેમણે ગરીબગરબાંને દાન દેવાનું બંધ કરી દીધું હતું અને સાર્વજનિક તથા ધાર્મિક કાર્યો અંગે જે ટીપ કે ફાળા થતાં તેમાંથી પણ પોતાનો હાથ પાછો ખેંચી લીધો હતો.

લોકો એમ માને છે કે આપણી પાસે પુષ્કળ પૈસા હોય તો મનમાન્યું સુખ ભોગવીએ અને દુનિયામાં આપણાં નામનો ડંકો વગાડીએ, પણ ધનલાલસામાં ફસેલા પંચાવન ક્રોડના માલીકની સ્થિતિ આવી હતી!

આ ચિંતાથી શેઠની ચતુરાઈ તો ન ઘટી, પણ શરીરનું વજન ઘટી ગયું અને તબિયત લથડી. ચાર ચાર પાંચ પાંચ ડીગ્રી તાવ આવવા લાગ્યો. વૈદ–હકીમોએ દવા આપવા માંડી, પણ મનમાં ધનરોગ પેઠો હતો, એટલે એ દવાઓએ કારી કરી નહિ.

આવી બિમાર હાલતમાંયે શેઠ છપ્પન ક્રોડને ભૂલ્યા નહિ. 'છપ્પન ક્રોડ' એ તેમનો મંત્રજપ બની ગયો હતો, એટલે તેનું રટણ તેમનાં મનમાં ચાલુ જ હતું.

ધનપાળ શેઠને ચાર પુત્રો હતા, તે ચારે સંસ્કારી અને સમજુ હતા. તેમણે ધનપાળ શેઠની આ હાલત જોઈને

કહ્યું કે 'પિતાજી! ભગવાનનું નામ લો. એનાથી બધાં સારાં વાનાં થશે.' ત્યારે ધનપાળ શેઠે કહ્યું કે 'હું ભગવાનનું નામ ભૂલ્યો નથી. તેને સારો માણસ માનતો હતો, તેથી જ તેની જોડે ખૂબ લેવડદેવડ કરી, પણ તેણે આપણા હિસાબના પાંચ હજાર રૂપિયા હજી સુધી આપ્યા નથી. માટે તેની પાસે જલ્દી ઉઘરાણી કરો ને એ પૈસા કોઈપણ રીતે વસુલ કરો, નહિ તો છપ્પન ક્રોડ પૂરા શી રીતે થશે?'

પુત્રો વિચારમાં પડ્યા કે 'હવે શું કરવું! પિતાજીને તો છપ્પન ક્રોડની પૂરી ધૂન લાગી છે. તેઓ જો આ ધૂનમાં જ પરલોકે સિધાવશે તો તેમની દુર્ગતિ થશે અને પુત્રો તરીકે આપણી ફરજ છે કે તેમને સદ્ગતિ પમાડવી. પરંતુ તેઓ આપણી કે કોઈ સામાન્ય મનુષ્યની વાત માનશે નહિ, તેથી કોઈ ત્યાગી મહાપુરુષ મળી આવે તો તેમને લઈ આવવા. તેઓ એમને હિતશિક્ષા આપીને જરૂર ઠેકાણે લાવી શકશે.'

આ રીતે પુત્રોએ ત્યાગી મહાપુરુષની શોધ કરવા માંડી. ત્યાં સદ્ભાગ્યે એક પંચ મહાવ્રતધારી નિર્ગ્રંથ મહાત્મા મળી આવ્યા, એટલે તેમને વંદન કરીને બધી હકીકત જણાવી ને પોતાને ત્યાં પધારવાની વિનંતિ કરી. પરોપકાર એ મહાપુરુષોનું પણ હોય છે, એટલે તેમણે વિનંતિનો સ્વીકાર કર્યો.

બે પુત્રોએ આગળથી આવીને ખબર આપી કે 'પિતાજી! આપણે ત્યાં એક ત્યાગી મહાત્મા પધારે છે!' એ સાંભળી શેઠે કહ્યું કે 'આપણે ત્યાગી મહાત્માનું શું

કામ છે? એ પંચાવનના ચોપન કરાવશે, પણ છપન્ન નહિ કરાવે.' પછી તેઓ માથે કપડું ઓઢીને સૂઈ ગયા.

પેલા મહાત્મા શેઠનાં ઘરે પધાર્યા અને તેમના પલંગ પાસે ગયા. પુત્રોએ તેમની પધરામણીની ખબર આપી, પણ શેઠ કંઈ બોલ્યા નહિ. એટલું જ નહિ પણ તેમણે શ્વાસ જોરથી લેવા માંડ્યો અને તબિયત વધારે બગડી હોય એવો દેખાવ કર્યો, જેથી મહાત્મા તેમને દાનપુણ્યની કોઈ વાત કરે તો જવાબ આપવો પડે નહિ. ધનલાલસા મનુષ્યને ક્યાં લઈ જાય છે? તેનો આ નાદર નમૂનો છે.

મહાત્મા જ્ઞાની હતા, એટલે બધી પરિસ્થિતિ આંખના પલકારામાં જ સમજી ગયા અને તેમણે ધીરેથી કહ્યું કે 'શેઠજી! હવે છપ્પન ક્રોડમાં કેટલા બાકી રહ્યા? તે મને જણાવો.' જ્યાં છપ્પન ક્રોડની પૂર્તિની વાત આવી, ત્યાં શેઠ સાવધ થઈ ગયા અને મોઢાં પરથી કપડું કાઢી નાખીને 'પધારો પધારો!' કહેવા લાગ્યા. તે સાથે પુત્રોને આજ્ઞા કરી કે 'મહાત્માજીનું જલ્દી પૂજન કરો.' એટલે પુત્રોએ મહાત્માજીનું પૂજન કર્યું. પછી બે હાથ જોડીને કહ્યું કે 'પ્રભો! હવે છપ્પન ક્રોડમાં માત્ર એક ક્રોડ જ ખૂટે છે, તે જલ્દી મળી જાય એવો ઉપાય બતાવો!'

મહાત્માએ કહ્યું: 'એ કંઈ મોટી વાત નથી, પણ તમે એક કામ કરો તો જ એ બની શકે એમ છે.'

શેઠે કહ્યું: 'એ કામ હું જરૂર કરીશ. ફરમાવો કે મારે શું કરવાનું છે?'

મહાત્માએ કહ્યું: 'જુઓ, હવે મારી ઉમર થઈ છે

અને તમારી માફક હું પણ પરલોક સીધાવવાની તૈયારી કરી રહ્યો છું, એટલે આપણે બંને પરલોકમાં સાથે જ સીધાવવાના. આ પરલોકનો રસ્તો ઘણો કઠણ છે, ખાસ કરીને તેમાં કાંટા વિશેષ હોય છે, એથી હું તમને એક સોય આપું છું, તે તમારે પરલોકમાં સાથે લેતા આવવી અને જ્યારે મારા પગમાં કાંટો લાગે, ત્યારે તેને કાઢવા માટે મને પાછી આપવી.'

શેઠે કહ્યું: 'એ કેમ બને?'

મહાત્માએ કહ્યું: 'હાલ તમારી તિજોરીમાં રાખો. તિજોરી સાથે એ પણ પરલોકમાં આવશે.'

શેઠે કહ્યું: 'તિજોરી તો અહીં પડી રહેવાની.'

મહાત્માએ કહ્યું, 'તો તમે પરલોકમાં જે ખાસ કપડાં પહેરી લેવાના હો, તેમાં રાખો.'

શેઠે કહ્યું: 'કપડાં પણ અહીં જ પડી રહેવાનાં.'

મહાત્માએ કહ્યું: 'તો પછી તેને તમારી મૂઠીમાં રાખી લો.'

શેઠે કહ્યું: 'એ રીતે પણ સોય પરલોકમાં સાથે આવી શકશે નહિ. જ્યાં શરીર જ અહીં પડ્યું રહેવાનું ત્યાં મૂઠી શું કામ આપી શકે?'

મહાત્માએ કહ્યું: 'જો તમે એક નાની સરખી સોય પણ સાથે લઈ શકવાના નથી, તો છપ્પન ક્રોડ સાથે શી રીતે લઇ શકશો? કદાચ હું તમને મારા અનેક શ્રીમંત ભક્તો પૈકી કોઈ પાસેથી એક ક્રોડ અપાવી દઉં ને તમારી પાસે છપ્પન ક્રોડ પૂરા થાય તો તમારા ઘર પર ખાસ ધ્વજા ફરકે અને રાજ્ય તરફથી ભેરી વાગે એ જ કે બીજું

કંઇ? એથી તમને વિશેષ લાભ શો થવાનો? હાલ તમારા જીવને પંચાવન ક્રોડ રૂપિયા પાસે હોવા છતાં શાંતિ નથી અને આ જ રીતે પરલોક સીધાવશો તો પરલોક પણ હારી જવાના. ધનની અતિ મૂર્છાને લીધે પ્રાણીઓની ગતિ બગડે છે, તે તિર્યંચ કે નરકમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં અનેકવિધ દુઃખો ભોગવે છે. માટે આ પંચાવન ક્રોડથી સંતોષ માની તેનો સદુપયોગ કરો અને પરલોકનું ભાથું બાંધી લો.'

એ તો નિઃસ્વાર્થ સંત પુરુષની વાણી, એટલે શેઠનાં હૃદયમાં આરપાર ઉતરી ગઈ ને છપ્પન ક્રોડનો સંકલ્પ તે જ વખતે છૂટી ગયો. આથી તેમના જીવને જે શાંતિ થઇ, તેનું વર્ણન કોણ કરી શકે?

શેઠ એ માંદગીમાંથી થોડા જ વખતમાં સાજા થયા અને પોતાની પાસે જે દ્રવ્ય હતું, તેનો સન્માર્ગે વ્યય કરવા લાગ્યા. તેઓ જેમ દ્રવ્ય વાપરતા ગયા, તેમ ચિત્તની શાંતિ વધતી ગઈ. અનેક દીન-દુઃખીની આંતરડી ઠરે અને તેના આશીર્વાદો મળે એથી શાંતિની અભિવૃદ્ધિ કેમ ન થાય? છેવટે શુભ લેશ્યામાં શેઠ મૃત્યુ પામ્યા, એટલે તેમની સદ્ગતિ થઈ.

તાત્પર્ય કે અમર્યાદિત ધનલાલસા એ માનસિક અશાંતિનું મોટું કારણ છે, એટલે સુજ્ઞજનોએ તેને છોડવી ઘટે.

## ૯–વૈજ્ઞાનિક સાધનોની બીજી બાજુ

વૈજ્ઞાનિક સાધનો વિષે આપણાં મનમાં જે વિચારો બંધાયા છે, તેમાં પણ પરિવર્તન લાવવાની જરૂર છે. કેટલાક તેની એક સરખી પ્રશંસા કરી રહ્યા છે, પણ તેની

બીજી બાજુ જોવાની દરકાર કરતા નથી.

વિજ્ઞાને આપણને ઝડપી અવરજવર માટે આગગાડી, મોટર અને વિમાન જેવાં વાહનોની ભેટ ધરી એ વાત સાચી, પણ તેણે આપણી સ્વાભાવિક પાદસંચારની શક્તિ હરી લીધી તેનું શું ? દરરોજ દશ બાર માઇલ ખુશીથી ચાલી શકનાર આજે માઈલ–દોઢ માઈલ દૂર આવેલા સ્ટેશને પહોંચવાને અર્ધો કલાક મોટરબસની રાહ જોતા ઊભા રહે છે.

વિજ્ઞાને આપણને વિદ્યુતનો પ્રકાશ આપ્યો તેથી રાત્રિદિવસ કામ થવા લાગ્યું, પણ સામેથી નેત્રની જ્યોતિ હરી લીધી તે કેમ ભૂલીએ ? જ્યાં સીત્તેર કે એંશી વર્ષ સુધી આંખે ઝાંખ આવતી ન હતી, ત્યાં આજે અનેક નવયુવકો અને વિદ્યાર્થીઓ ચશ્માં ચડાવીને કામ કરતા જણાય છે.

વિજ્ઞાને આપણને ઋતુપરિવર્તનકારી એરકન્ડીશનની ભેટ ધરી, પણ બદલામાં આપણી ટાઢ–તાપ સહન કરવાની શક્તિને હરી લીધી, એ ઓછું નુકશાન નથી. આજે સામાન્ય ગરમીમાં પણ ઘણાને ચોવીશે કલાક વીજળીનો પંખો ચલાવવો પડે છે. તે જ રીતે થોડી ઠંડીમાં પણ હાથે–પગે મોજાં પહેરવા પડે છે અને મફલર, શાલ વગેરેનો આશ્રય લેવો પડે છે. ઋતુમાં થોડું પણ પરિવર્તન થાય તો પણ ઘણાને શરદી થઇ આવે છે ને તે એમનો પિછો છોડતી નથી.

વિજ્ઞાને આપણને ધ્વનિવર્ધક યંત્ર આપ્યું પણ બદલામાં આપણી સ્વરશક્તિ હરી લીધી, તે શું ઓછું ખેદજનક છે? જે પુરુષો પોતાના બુલંદ અવાજથી દશ

દશ કે પંદર પંદર હજાર માણસોની મેદનીને ગજવી મૂકતા તે આજે બસો માણસોની સભામાં બોલવા માટે ધ્વનિ-વર્ધક યંત્રની માગણી કરે છે!

પ્રથમ આપણો સ્ત્રીવર્ગ વહેલો ઉઠીને અધમણ કે પંદર શેર દળણું દળતો. હવે દળવાના સંચા થયા પછી કેટલી સ્ત્રીઓ અધમણ કે પંદર શેર દળણું દળી શકે છે? પ્રથમ આપણો સ્ત્રીવર્ગ કૂવા કે તળાવમાંથી પાણીનું મોટું બેડું ભરીને માથે ઉચકી લાવતો. હવે પાણીનાં નળ થયા પછી કેટલી સ્ત્રીઓ એવું બેડું માથે લાવી શકે છે? તાત્પર્ય કે વૈજ્ઞાનિક સાધનોએ આપણને કેટલીક સગવડ આપી છે, પણ બદલામાં આપણી સહજ સ્વાભાવિક શક્તિ હરી લીધી છે.

વૈજ્ઞાનિક સાધનોનો વપરાશ વધતાં આપણાં જીવનનું ધોરણ કેટલું વધી ગયું? તે પણ વિચારવા જેવું છે. પહેલાં જે માણસો દશ કે બાર રૂપિયામાં પોતાનાં કુટુંબનો માસિક ખર્ચ સારી રીતે ચલાવતા, તેઓ આજે પોણો સો કે સોમાં પણ પૂરું કરી શકતા નથી. વિજ્ઞાને રચેલાં અર્થતંત્રથી મોંઘવારીનું પ્રમાણ વધતું રહ્યું છે અને વિજ્ઞાનપ્રેરિત શિક્ષણથી આપણે જીવનની જરૂરીઆતો વધારતા રહ્યા છીએ, તેનું જ આ પરિણામ છે.

પ્રથમ દશ ગાઉનું ગામતરું કરવું હોય તો આપણે આનંદથી ચાલ્યા જતા અને તે માટે ખાસ ખર્ચ થતો નહિ. રસ્તામાં જે ભાતું વાપરવું પડે તે સાથે બાંધી લેતા. આજે દશ ગાઉનો પ્રવાસ કરવો હોય તો ગાડી, બસ કે

મોટરની જરૂર પડે છે અને રસ્તામાં ચાહપાણી, પાન-સોપારી, બીડી સીગારેટ તથા હોટેલનો ખર્ચ થાય છે.

પ્રથમ મોટા પ્રવાસો પણ કેવી સાદાઈ અને કરકસરથી થતાં તેનો અહીં થોડો ખ્યાલ આપીશું. અમે સોળ-સત્તર વર્ષની ઉમરે અમદાવાદથી કેસરિયાજીનો પ્રવાસ કર્યો હતો. તેમાં ઈડર સુધીની અવરજવર રેલ્વે મારફત કરી હતી અને બાકીનું બધું અંતર પગરસ્તે કાપ્યું હતું. તેમાં સામાન જાતે જ ઉચક્યો હતો અને રસોઈ હાથે જ બનાવી હતી. આ પ્રવાસમાં અમે ૧૬ જણ સાથે હતા અને દરેકનો ખર્ચ રૂ. ૩-૧૪-૬ આવ્યો હતો.× ત્યાર બાદ અમદાવાદથી ઊંટડિયા મહાદેવ, (દહેગામ નજીક) કપડવંજ, ઉમરેઠ, ટુવા, ચાંપાનેર રોડ, પાવાગઢ, શીવરાજપુર, તણખલા થઈ સુરપાણેશ્વરની યાત્રા એવી જ રીતે કરી હતી અને ચાણોદ-વડોદરા થઈ અમદાવાદ પાછા ફર્યા હતા, તેનું ખર્ચ વ્યક્તિ દીઠ રૂ. પાંચથી વધારે આવ્યું ન હતું. ત્યાર બાદ ડાંગનાં જંગલો ઓળંગીને નાશિક ગયા હતા અને ત્યાંથી અજંતા-ઈલોરાની પગરસ્તે યાત્રા કરી હતી, તેનો ખર્ચ પણ વ્યક્તિ દીઠ રૂ. ૧૮ કે ૨૦ થી વધારે આવ્યો ન હતો.+ સને ૧૯૨૪માં અમે કાશ્મીર

× આ પ્રવાસનું વર્ણન અમે '**અરવલ્લીમાં અગિયાર દિવસ**' નામની એક લેખમાળામાં કર્યું હતું અને તે મુંબઈથી પ્રકટ થતાં હિંદુસ્થાન પત્રમાં પ્રકટ થઈ હતી.

+ આ પ્રવાસનું વર્ણન અમે '**કુદરત અને કળાધામમાં વીસ દિવસ**' નામનાં પુસ્તકમાં કર્યું છે. તેની પ્રસ્તાવના આપણા બહુશ્રુત વિદ્વાન્ કાકા કાલેલકરે લખેલી છે.

ગયા અને ત્યાંનાં ઘણાં સૌંદર્યસ્થળો જોયા. તે પ્રવાસ રૂા. ૧૧૦ માં પૂરો કર્યો હતો. સને ૧૯૩૨ માં અમે સાહસિક પ્રવાસ અર્થે અમદાવાદથી કલકત્તા થઈ રંગુન ગયા હતા. ત્યાંથી દક્ષિણમાં મોલમીન વગેરે સ્થળો જોઈ માંડલે જોયું હતું અને ત્યાંથી મિમિયો હીલનું મથક જોઈ લાશિયો ગયા હતા અને ત્યાંથી શાનસ્ટેટનો પ્રવાસ કરતાં નામખમ એટલે ચીનની સરહદ પર પહોંચ્યા હતા. ત્યાંથી ત્રણ દિવસ સુધી એક સરખો જંગલનો પ્રવાસ કરી ભામો પહોંચ્યા હતા અને ત્યાંથી બોટ મારફતે માંડલે આવ્યા હતા. ત્યાંથી ચેનનજાંવ (તેલના કૂવા) વગેરે જોઈ, રંગુન થઈ, કલકત્તાના માર્ગે અમદાવાદ પાછા આવ્યા હતા. આ બધો પ્રવાસ અમે રૂા. ૧૪૦–૦–૦ માં પૂરો કર્યો હતો. આ પ્રવાસમાં અમારી સાથે એક પ્રવાસી મિત્ર હતા કે જેમણે અમારા આ કરકસરિયા સાદા પ્રવાસનો સારી રીતે અનુભવ લીધેલો હતો. આજનાં ચાલુ ધોરણે આ પ્રવાસ કરવો હોય તો રૂપિયા ૧૦૦૦ થી ૧૨૦૦ ઓછામાં ઓછા જોઈએ. ખાસ કરીને લાશિયોથી આગળના ભાગમાં પ્રવાસ કરવા માટે અનેક જાતની સગવડ કરવી પડે અને હથિયાર પણ રાખવા પડે. અમારી પાસે માત્ર અમારી લાકડી હતી અને વધારામાં આત્મવિશ્વાસ સાથે વીરપ્રભુનું નામ હતું.*

---

* આ પ્રવાસમાં અમારે અનેક સાહસો ખેડવા પડ્યા હતા. તે બધાનું વર્ણન સ્વતંત્ર પુસ્તકાકારે કરવાની ઈચ્છા હતી. પણ સંયોગવશાત્ તેમ બની શકયું નથી. અમે શાન દેશના જે ભાગોનો

વૈજ્ઞાનિક સાધનોથી મોટાં કારખાનાં ઉત્પન્ન થયાં અને જથ્થાબંધ માલ ઉત્પન્ન થવા લાગ્યો, પણ તેણે નાના પાયે ચાલતા ઉદ્યોગોનો નાશ કર્યો અને તેથી લાખો-ક્રોડો માણસની સ્વતંત્ર રોજી ઝુંટવાઇ ગઈ. પરિણામે આ માણસોને પોતાની રોજી રળવા માટે આ કારખાનાઓમાં કારીગર કે મજૂર તરીકે ફરજિયાત જોડાવું પડ્યું. આ કારખાનાં ચલાવવા માટે ઘણું નાણું રોકવું પડે અને તે શ્રીમંત કે મૂડીવાળા જ રોકી શકે, એટલે તેઓ આ કાર-ખાનાના માલિક બન્યા અને પોતાની બુદ્ધિ તથા લાગવગ લડાવીને તથા નાણાંના જોરે વધારે નાણાવાળાં થતા ગયા. આ રીતે આધુનિક વિજ્ઞાને યંત્રોની ભેટ ધરીને મજૂર અને માલેતુજારના બે સ્પષ્ટ વર્ગો ઊભા કર્યા. તેની વચ્ચે આજે કેવી અથડામણો ચાલી રહી છે, તે કોઈથી અજાણ્યું નથી.

કારખાનાં મોટા ભાગે શહેરમાં જ સ્થપાયાં, એટલે ગામડાંની વસ્તીનો ઘણો ભાગ ત્યાં ખેંચાઇ આવ્યો, આથી શહેરમાં વસ્તી વધતી જ રહી અને ગામડાંઓ ભાંગતાં ગયાં. આજે શહેરોમાં રહેઠાણની કેવી તંગી ઊભી થઈ છે, તે સહુ કોઈ જાણે છે. મુંબઈ જેવા શહેરમાં એક નાનકડી ખોલી મેળવવી હોય તો રૂા. ૧૦૦૦ થી માંડીને

---

પ્રવાસ કર્યો તે પ્રવાસ કરવા માટે એક અંગ્રેજ મુસાફરને કુલીઓ વગેરેનો મળી કુલ ૪૦૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો હતો અને તેને ઇંગ્લાંડની ધી રોયલ જ્યોગ્રોફિકલ સોસાયટી તરફથી 'સાહસવીર'નો સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. અમારા પ્રવાસનું વર્ણન વડોદરા સાહિત્યસભાએ પ્રેમથી સાંભળ્યું, એ અમને આશ્વાસન હતું.

૫૦૦૦ સુધી પાઘડી આપવી પડે છે. અથવા તો એવા રહેઠાણોમાં રહેવું પડે છે કે જ્યાં કોઈ જાતની સગવડ હોતી નથી અને ગંદકી તથા અંધકારનું પ્રમાણ મોટું હોય છે. આ પરિસ્થિતિનું નિવારણ કરવા માટે જે ઉપાયો લેવામાં આવે છે, તે એક અનિષ્ટને સ્થાને બીજાં અનિ-ષ્ટને જન્મ આપે તેવા હોય છે, એટલે સરવાળે પરિસ્થિતિ સુધરતી નથી અને જીવન મુશ્કેલીભર્યું જણાય છે.

હવે ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ કરવાની તથા 'ગામ-ડામાં પાછા ફરો' ની હિલચાલ શરૂ થઈ છે, પણ જ્યાં સુધી આપણને વૈજ્ઞાનિક સાધનો તરફનો મોહ ઘટે નહિ અને સાદાઈ તથા સંતોષનાં સિદ્ધાંત સ્વીકારવામાં આવે નહિ, ત્યાં સુધી પરિસ્થિતિ સુધરવી મુશ્કેલ છે.

કેટલાક સ્પુતનિક, બાલચંદ્ર અને નિમિષ માત્રમાં હજારો માઈલનું અંતર કાપી નાખે એવા રોકેટોની વાત સાંભળીને આભા થઈ ગયા છે! વળી વર્તમાનપત્રોમાં આજે જે પ્રચાર ચાલી રહ્યો છે, તે પરથી તેઓ એમ પણ માનવા લાગ્યા છે કે હવે થોડા વખતમાં જ ચંદ્રલોકમાં પહોંચી શકાશે અને ત્યાંની જમીન પર મનુષ્યોનો વસ-વાટ શરૂ થઈ જશે. અમેરિકા અને જાપાનમાં તો ચંદ્રલો-કની જમીન વેચવા માટે પેઢીઓ પણ ખુલી ગઈ છે અને એ પેઢીઓએ લોકોની પાસેથી ડીપોઝીટો લઈ જમીનનાં વેચાણ પણ કર્યાં છે! પરંતુ સ્પુતનિકો અને બાલચંદ્રો ધારવા કરતાં ઘણા વહેલા તૂટી પડયા છે અને રોકેટો થોડી જ વારમાં સળગી ઉઠયા છે કે ધારી દિશા પકડી શકયા નથી! આ રીતે કેટલા પ્રયોગો થશે અને તેની

પાછળ કેટલાં ધનનો વ્યય થશે, તેની અટકળ અત્યારે આપણે કરી શકીએ તેમ નથી, પણ તેની પાછળ અબજો રૂપિયા ખર્ચાશે એ નિશ્ચિત છે. એમ છતાં ય ચંદ્રલોકમાં પહોંચી શકાશે કે કેમ? એ શંકાસ્પદ છે. ચંદ્રલોકમાં વાતાવરણ કેવું છે? જમીન કેવી છે? તે આપણા વસવાટને યોગ્ય છે કે કેમ? અને ત્યાં વસીએ તો આપણે સુખી થઈએ કે દુઃખી? એ બધા પ્રશ્નો વિચારણીય છે. તે સંબંધમાં અત્યાર સુધી જે વિધાનો થયાં છે, તે બધાં આનુમાનિક છે. તેની ખરી ખબર તો ત્યાં ગયા પછી જ પડી શકે. પરંતુ ઘડીભર માની લઈએ કે આજનાં વૈજ્ઞાનિક સાધનોએ કેટલાક સાહસિક પુરુષોને ચંદ્રલોકમાં પહોંચાડી દીધા અને ત્યાં ઘણા ભોગો આપ્યા પછી કેટલાંક ઘરો બાંધી શકાયાં, તો તેથી માનવજાતિનું કલ્યાણ શી રીતે થવાનું? બસો માણસો ચંદ્રમાં વસે કે ચારસો માણસો મંગળમાં વસે તેથી આપણો ઉદ્ધાર થવાનો નથી. આપણે તો એ ઈચ્છીએ છીએ કે આ વિશ્વમાં શાંતિ જળવાઈ રહે અને દરેક મનુષ્ય પોતાનાં જીવનમાં સુખ અને શાંતિનો અનુભવ કરી શકે. શું આધુનિક વિજ્ઞાન આપણને આ વસ્તુઓ આપી શકે છે ખરું? અમને સ્પષ્ટ કહેવા દો કે આધુનિક વિજ્ઞાને સ્થળ અને કાળનું અંતર કાપ્યું છે, પણ સુખ–શાંતિની પ્રાપ્તિ વચ્ચેનું અંતર ઘણું વધારી દીધું છે, એટલે તે માટે આપણે પરમોપકારી મહર્ષિઓના ઉપદેશ તરફ જ ધ્યાન દોડાવવું પડશે. એ જ આપણે માટે વિશ્વશાંતિનું મોટું આશ્વાસન છે.

## ૧૦–વિશ્વશાંતિ માટે મહર્ષિઓનો ઉપદેશ

વિશ્વશાંતિ માટે જૈન મહર્ષિઓનો ઉપદેશ સબળ છે. તેમણે એની ભિન્ન ભિન્ન બાજુઓને સ્પર્શ કર્યો છે, એટલે તે આપણે પુનઃ પુનઃ વિચારવા જેવો છે.

જેઓ એમ માને છે કે યુદ્ધ અમારો ધર્મ છે, માટે અમારે લડવું જોઈએ, તેમને ઉદ્દેશીને તેઓ કહે છેઃ

**अप्पाणमेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ।**
**अप्पाणमेवमप्पाणं, जइत्ता सुहमेहए ॥**

'હે પુરુષ! જો યુદ્ધ જ કરવું હોય તો તારા આત્માની અંદર રહેલા શત્રુઓ સાથે કર. તું બહારના શત્રુઓ સાથે કેમ લડે છે? તાત્પર્ય કે તેનાથી તને કશો લાભ થવાનો નથી. જે આત્મા વડે આત્માને જિતે છે, તે જ સુખને પામે છે.'

अप्पा चेव दमयव्वो, अप्पा हु खलु दुद्दमो ।
अप्पादन्तो सुही होइ, अस्सि लोए परत्थ य ॥

'જો તારે દમન જ કરવું હોય તો તારા આત્માનું કર. જો તું એમ સમજતો હોય કે એમાં શું? તો તે તારી ભૂલ છે. આત્માને દમવો ઘણો કઠિન છે. જે આત્માનું દમન કરે છે, તે આ લોકમાં અને પરલોકમાં સુખી થાય છે.'

**जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिए ।**
**एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥**

'જે દુર્જય સંગ્રામમાં સહસ્ર–સહસ્ર એટલે દશલાખ

યોધાની સાથે લડીને જય મેળવે છે, તે સાચો કે શ્રેષ્ઠ જય નથી. એક આત્માને જિતવો, તે જ પરમ જય છે.'

કેટલાક કહે છે કે 'અમુકે અમારું અમુક અનિષ્ટ કર્યું છે, અમારી પ્રગતિમાં અંતરાય નાખ્યો છે, અમને ખૂબ સતાવ્યા છે, માટે અમે તેમને જોઈ લઈશું. અર્થાત્ તેમની સાથે યુદ્ધ કરીને તેમને હરાવીશું અને અમારું વેર વાળીશું.' કેટલાક કહે છે કે 'અમારું કુળ કયું ? અમારી જાતિ કઈ ? અમે તો રાજ્ય કરવાને જ જન્મ્યા છીએ, એટલે અમારી શક્તિથી અમે બધાને નમાવીશું અને રાજ્ય લઈશું.' કેટલાક કહે છે કે 'અમે ઘણા ચતુર છીએ; અમને શામ, દામ, ભેદ અને દંડની નીતિથી રાજ્ય મેળવતાં આવડે છે, માટે અમે અમારી એ શક્તિનો ઉપયોગ કરીને વધારે પ્રદેશો મેળવીશું, વધારે સંપત્તિ મેળવીશું અને એ રીતે સાર્વભૌમ બનીશું.' કેટલાક કહે છે કે 'અમારી પ્રગતિ માટે, અમારા વિકાસ માટે અમારી પાસે જે પ્રદેશો છે, તે પૂરતા નથી. તે માટે નવા પ્રદેશો અને નવા વિસ્તારોની જરૂર છે. માટે બીજા પર ચડાઈ કરીને કે બીજા સાથે યુદ્ધ ખેલીને તેની પ્રાપ્તિ કરીશું.' આ બધાને ઉદ્દેશીને જૈન મહર્ષિઓ કહે છે કે—

**कोहं च माणं च तहेव मायं,**
**लोभं चउत्थं अज्झत्थदोसा ।**

'ક્રોધ, માન, માયા અને લોભ એ અધ્યાત્મદોષો છે, અર્થાત્ વિચારનાં રૂપમાં આપણા ભયંકર શત્રુઓ છે. તેમને જ આપણે જિતવા જોઈએ.'

**कोहो य माणो य अणिग्गहिया,**
**माया य लोभो य पवड्ढमाणा।**
**चत्तारि ए ए कसिणा कसाया,**
**सिंचन्ति मूलाइं पुणब्भवस्स ॥**

'અનિગ્રહિત ક્રોધ અને માન તથા વૃદ્ધિ પામતા માયા અને લોભ એ ચાર કુત્સિત કષાયો પુનર્જન્મ રૂપી સંસારવૃક્ષનાં મૂળોનું સિંચન કરે છે. અર્થાત્ તેનાથી મનુષ્યને ફરી ફરીને જન્મ લેવો પડે છે અને અનેકવિધ દુઃખો ભોગવવા પડે છે.'

આ ચાર અંતરશત્રુઓને શી રીતે જિતવા? એનો ઉપાય પણ તેમણે બતાવ્યો છેઃ

**उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे।**
**मायं चाज्जवभावेण, लोभं संतोसओ जिणे ॥**

'ક્ષમાથી ક્રોધને જિતવો, મૃદુતાથી માનને જિતવું, સરલતાથી માયાને જિતવી અને સંતોષથી લોભને જિતવો.'

ક્ષમા વિષે તેઓ કહે છે કે—

**क्षमाखड्गः करे यस्य, दुर्जनः किं करिष्यति?।**
**अतृणे पतितो वह्निः, स्वयमेवोपशाम्यति ॥**

'જેના હાથમાં ક્ષમા રૂપી તરવાર છે, તેને દુર્જન શું કરશે? ઘાસ વગરની જમીન પર પડેલો અગ્નિ પોતાની મેળે જ ઓલવાઈ જાય છે.' તાત્પર્ય કે દુર્જન મનુષ્યો આપણા પર ક્રોધ કરે અને આપણે તેનો પ્રતિકાર કરીએ તો મામલો વિફરે છે, પરંતુ ક્રોધ ન કરતાં ક્ષમા ધારણ કરીએ તો પેલો દુર્જન એની મેળે શાંત થઈ જાય છે.'

ક્રોધને જિતવા માટે ખાસ જરૂર સમજણ સુધારવાની છે. 'અમુકે મારું અનિષ્ટ કર્યું, અમુકે મારી પ્રગતિમાં અંતરાય નાખ્યો કે મને ખૂબ સતાવ્યો' એવો વિચાર કરવાને બદલે જો એમ વિચાર કરવામાં આવે કે 'મારું ઈષ્ટ કે અનિષ્ટ કરનાર હું પોતે જ છું. મારી પ્રગતિમાં જો કોઈ પણ અંતરાય થતો હોય તો તે મારા પોતાના દોષોનો જ છે. મને દુઃખ દેનારો પણ હું પોતે જ છું. બીજાં તો માત્ર નિમિત્તો છે.' તો ક્રોધ શાંત થઈ જાય છે.

કેટલાક એમ કહે છે કે '**अशक्तिमान् भवेत् साधुः**–જે લોકોમાં વૈર લેવાની તાકાત નથી, તેઓ ક્ષમા ધારણા કરે છે અને એ રીતે પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવાનું એક નિમિત્ત શોધી કાઢે છે.' પણ તેમની આ માન્યતા ભૂલ–ભરેલી છે. ક્ષમા એ કાયરનો ધર્મ નથી, પણ વીરનો ધર્મ છે. બાહુબલિમાં ભરતેશ્વરને શિક્ષા કરવાની પૂરી તાકાત હતી, છતાં તેમણે ક્ષમા ધારણ કરી અને વૈર લેવાનો વિચાર જતો કર્યો, તો તેઓ સાચા વીર ગણાયા. તે જ રીતે જે પુરુષો છતી શક્તિએ વૈર લેવાનો વિચાર માંડી વાળે છે અને ક્ષમા ધારણ કરે છે, તે સાચા વીર ગણાય છે. **क्षमा वीरस्य भूषणम्।**

જો આ સિદ્ધાંતનો અમલ કરવામાં આવે તો અનેક પ્રકારના કંલહકંકાસોનો અંત આવે તથા યુદ્ધનાં ધમસાણો ધસમસતા અટકી જાય અને ક્ષમાની સુવાસથી એક બીજાની ભૂલો સુધરતાં શાંતિનું વાતાવરણ સર્જાય. તેથી જ જૈન મહર્ષિઓએ પ્રત્યેક મુમુક્ષુને પ્રતિદિન એવી ભાવના

# રામતીર્થ બ્રાહ્મી તેલ

[ સ્પેશીઅલ નં. ૧ ]

રજીસ્ટર્ડ

વાળ વધારવા, મગજ શાંત રાખવા, યાદશક્તિ સારી કરવા, શાંત નિદ્રા માટે, શરીરને માલીસ કરી સ્ફૂર્તિમાં લાવવા માટે દરેક ઋતુમાં દરેકને માટે ઉપયોગી છે. કિંમત મોટી બાટલીના રૂા. ૪–૦૦, નાની બાટલીના રૂા. ૨–૦૦

---

શરીર નીરોગી રાખવા માટે આકર્ષક યોગાસન ચિત્રપટ અમારે ત્યાંથી મંગાવશો. કિંમત પોસ્ટેજ સાથે રૂા. ૨–૫૦

---


## શ્રી રામતીર્થ યોગાશ્રમ

દાદર, સેન્ટ્રલ રેલ્વે,

મુંબઈ–૧૪

# ન્યૂ ઇન્ડિયા માં ઉતરાવેલી પોલીસી ગમે તેવી નાની કે ગમે તેવી મોટી હોય તે આપને સલામતી અને સેવાની ખાત્રી આપે છે!

ન્યૂ ઇન્ડિયા કંપનીની દોરવણી, મદદ અને વર્ષોના અનુભવનો લાભ ઉઠાવો! દરિયાઈ અને આગથી માંડીને અકસ્માત અને ચોરી સુધીના દરેક પ્રકારના જનરલ વિમાનું કામકાજ ન્યૂ ઇન્ડિયા કરે છે. તે તમારા દાવાઓની પતાવટ ઝડપથી કરે છે અને તમને સલામતી અને સેવાની ખાત્રી આપે છે! પૂર્વના દેશોમાં સર્વત્ર સન્માનિત અને વિશ્વાસપાત્ર એવી ન્યૂ ઇન્ડિયા માં તમારો વિમો ઉતરાવો!



## ધી ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ

### કંપની લીમીટેડ

મહાત્મા ગાંધી રોડ, મુંબઈ

ભાવવાનો આદેશ કર્યો છે કે—

**खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।**
**मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥**

'હું સર્વજીવોની તેમના પ્રત્યે કરેલા અપરાધો માટે ક્ષમા માગું છું, સર્વ જીવો મને ક્ષમા આપો. મારે સર્વ જીવોથી મૈત્રી છે, કોઈથી પણ વૈર નથી.'

આ ભાવનાનો સમાજમાં યથાર્થ પ્રચાર થાય તે માટે સંવત્સરીનું મહાપર્વ નક્કી કરવામાં આવ્યું છે. તે દિવસે દરેક મુમુક્ષુએ આગળપાછળના સર્વ ઝઘડાઓ ભૂલીને ક્ષમાનું આદાનપ્રદાન કરવાનું છે અને વિશ્વમૈત્રીની ભાવનાને જોર આપવાનું છે. આ દિવસની ઉજવણી અમુક ગચ્છ કે સંપ્રદાય પૂરતી જ મર્યાદિત રાખવાની નથી, પણ તેને ગામ, જિલ્લા, પ્રાંત, દેશ તથા વિશ્વ સુધી પ્રસારવાની છે, જેથી મનુષ્યો અરસપરસના વૈર ભૂલીને એકબીજાને પોતાના મિત્રો માને, તેમની સાથે હાથ મિલાવે અને જે કંઈ ઝઘડાઓ ચાલતા હોય તેનો સમાધાનીભર્યો અંત આવે. વિશ્વ-શાંતિ માટે શું આ સચોટ ઉપાય નથી?

મૃદુતા, સરળતા અને સંતોષના લાભો પણ જાણીતા છે. તેથી મનુષ્યનાં મનની કોમલતા વધે છે અને કોઇનું અનિષ્ટ કરવાની ભાવના થતી નથી.

યુદ્ધમાં મુખ્ય આશ્રય હિંસાનો લેવાય છે, તે અંગે જૈન મહર્ષિઓએ કહ્યું છે કે—

**एवं खु नाणिणो सारं, जं न हिंसइ किंचण ।**
**अहिंसा समयं चेव, एयावन्तं वियाणिया ॥**

'જ્ઞાનીઓનાં જ્ઞાનનો સાર એ જ છે કે કોઈપણ જીવની હિંસા કરવી નહિ. અહિંસા–સમતા–સર્વ જીવો પ્રત્યે આત્મવત્ ભાવ એને જ શાશ્વત ધર્મ સમજો.'

जे य बुद्धा अतिक्कंता, जे य बुद्धा अणागया ।
संति तेसिं पइट्ठाणं, भूयाणं जगई जहा ॥

'જેમ પ્રાણીઓનો આધાર પૃથ્વી છે, તેમ જે બુદ્ધો –અર્હંતો–તીર્થંકરો થઈ ગયા, જે બુદ્ધો–અર્હંતો–તીર્થંકરો થવાના છે, તે બધાનો આધાર શાંતિ છે. શાંતિ એટલે સમતા કે અહિંસા.'

જૈન મહર્ષિઓ કહે છે કે 'જેમ આપણને જીવવું ગમે છે, મરવું ગમતું નથી, તેમ બધા પ્રાણીઓને જીવવું ગમે છે અને મરવું ગમતું નથી. સુખ સર્વને પ્રિય છે, દુઃખ સર્વને પ્રતિકૂળ છે, તેથી ન્યાયી મનુષ્યે કોઈને દુઃખ આપવું નહિ. કોઈ પણ જીવની હિંસા કરવી નહિ.'

કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવાની પ્રતિજ્ઞાને અભય કહેવામાં આવે છે. આવાં અભયનું દાન કરવાથી પ્રાણીઓ ભયમુક્ત થાય છે, તેથી જ જૈન મહર્ષિઓએ રાજા–મહારાજાઓ પાસે અભયસૂચક અમારીપડહ વગડાવ્યા છે અને 'મા હણો, મા હણો' એટલે કોઈ પણ જીવની હિંસા ન કરો એવી ઘોષણાઓ કરાવી છે.

લૌકિક શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે—

नेह भूयस्तमो धर्म्मस्तस्मादन्योऽस्ति भूतले ।
प्राणिनां भयभीतानामभयं यत्प्रदीयते ॥

'મરણના ભયથી ત્રસ્ત થયેલાં પ્રાણીઓને અભયદાન




# Elegance in Velvet

Rich, smooth, feminine velvet. Such luxury near you. Cholis in 'ASHOK' velvet will bring you many pretty compliments.

Ashok

**ASHOK VELVET MANUFACTURING CO. PRIVATE LTD.**

FABRICS

Selling Agents: **Messrs. V. Chatrabhuj & Co. Private Ltd.**
M. J. Market, Bombay 2.

Telegram "PLATINUM"

with Best Compliments

# CHIMANLAL MANCHAND & CO.

Jewellers.

Appointed Jewellery Valuers to
Union Govt
of
INDIA

卐

Office :
7, Dhanji Street,
**Bombay.**
Phone : **28749**

Show Rooms :
New Queen's Road,
opp. Opera house, **Bombay.**
Phone : **30321**

દેવું તેનાથી વધારે શ્રેષ્ઠ ધર્મ આ જગત્‌માં બીજો કોઈ નથી.'

**वरमेकस्य सत्त्वस्य, दत्ता ह्यभयदक्षिणा ।**
**न तु विप्रसहस्रेभ्यो, गोसहस्रमलंकृतम् ।**

'બ્રાહ્મણને શણગારેલી હજાર ગાય દાનમાં દેવી તેના કરતાં એક પ્રાણીને અભય-દક્ષિણા (અભયદાન) દેવી તે ઉત્તમ છે.'

**कपिलानां सहस्रं तु, द्विजेभ्यः प्रयच्छति ।**
**एकस्य जीवितं दद्यात् , कलां नार्हति षोडशीम् ॥**

'જે મનુષ્ય બ્રાહ્મણોને હજાર ગાય દાનમાં આપે છે, તે જીવિતનું દાન કરનાર મનુષ્યની સરખામણીમાં કંઈ વિસાતમાં નથી.'

**हेमधेनुरादीनां, दातारः सुलभा भुवि ।**
**दुर्लभः पुरुषो लोके, यः प्राणिष्वभयप्रदः ॥**

'આ જગત્‌માં સુવર્ણ, ગાય અને જમીનનું દાન કરનારા દાતારો ઘણા છે, પણ પ્રાણીઓને અભયનું દાન કરનાર દાતાર તો કોઈક જ છે.'

**महतामपि दानानां, कालेन क्षीयते फलम् ।**
**भीताभयप्रदानस्य, क्षय एवं न विद्यते ॥**

'મોટાં મોટાં દાનોનું ફલ કાળે કરીને ક્ષય પામે છે, પણ ભયભીત પ્રાણીઓને આપેલાં અભયનું ફળ ક્ષય પામતું નથી.'

**सर्वे वेदा न तत्कुर्युः, सर्वे यज्ञा यथोदिताः ।**
**सर्वतीर्थाभिषेकाश्च, यत् कुर्यात् प्राणिनां दया ॥**

'સર્વે વેદોનું અધ્યયન કરો, સર્વે યજ્ઞોનું અનુષ્ઠાન કરો કે સર્વ તીર્થોનો અભિષેક કરો પણ તે કોઈનું ફળ જીવદયા જેટલું મળતું નથી.'

અહિંસા અને અભયની આ ઘોષણા આજના યુગને અનુસરી નવા રૂપે, નવી રીતે કરવામાં આવે તો ઘોર હિંસા અટકી જાય અને વિશ્વમાં શાંતિ જળવાઈ રહે.

આજે વિશ્વશાંતિ માટે બૌદ્ધોના પંચશીલનો ઘોષ ગાજતો થયો છે, પણ અહીં પ્રસંગવશાત્ એ સ્પષ્ટતા કરી દઈએ કે બૌદ્ધોનાં પંચશીલ કરતાં જૈનોનું પંચશીલ વધારે ઉત્તમ છે.

બૌદ્ધોનાં પંચશીલમાં નીચે પ્રમાણે પાંચ સિદ્ધાંતો આવે છે :

**पाणी न हन्तव्वो ।**
**अदिन्नं नादातव्वं ।**
**कामेषु मूच्छा न चारितव्वा ।**
**मूषा न भासितव्वा ।**
**मज्जं न पातव्वं ॥**

'પ્રાણીઓની હિંસા ન કરો, ચોરી ન કરો, કામાસક્ત ન બનો, અસત્ય ન બોલો, મદ્ય ન પીઓ.'

જ્યારે જૈનોનાં પંચશીલમાં 'પ્રાણીઓની હિંસા ન કરો, અસત્ય ન બોલો, ચોરી ન કરો, કામાસક્ત ન બનો અને પરિગ્રહની મર્યાદા કરો' એ પાંચ સિદ્ધાંતો આવે છે.

આ બંનેની તુલના કરવાથી જોઈ શકાશે કે અહિંસા, સત્ય, અચૌર્ય અને બ્રહ્મચર્ય બંનેમાં સમાન છે, પણ

*Modified*
DESIGN




*'Diamond'*

# PURE GOLD BARS
OF
## MANILAL CHIMANLAL & CO.

AVAILABLE IN 5, 1, 1/2 & 1/4 TOLA

WE BUY OLD GOLD AND SILVER ORNAMENTS AND OTHER ARTICLES.

**MANILAL CHIMANLAL & CO.**
188, SHROFF BAZAR, BOMBAY 2

PHONE: 20898

GRAM. "KAKALJI"

## નેશનલ રીફાઈનરી પ્રાઇવેટ લીમીટેડ
**ની N. R. છાપ ચાંદી**
**રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા, મુંબઈ;**
**બોમ્બે બુલીયન એસોસીએશન લી. મુંબઈ-૨**
**તેમજ**
**ઇન્ડિયા ગવર્નમેન્ટ મીન્ટ મુંબઇએ માન્ય રાખેલ છે.**
**N. R. છાપ સીલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર.**

લેબોરેટરી અને રીફાઈનરી

૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭

ફોન નં. ૪૨૭૯૫

મર્ચન્ટસ બુલીયન મેલ્ટીંગ
એન્ડ એસેઈંગ ડીપાર્ટમેન્ટ.
ધનજી સ્ટ્રીટ, મુંબઇ. ૩
તાર : ARGOR

## અપૂર્વ મહિમાશાળી રાજસ્થાનનું એક રમણીય તીર્થ

# શ્રી જીરાવલાજી

શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં તીર્થોમાં વિશિષ્ટ સ્થાન પામેલું આ અપૂર્વ મહિમાશાળી તીર્થ રાજસ્થાનની હકુમતમાં આવેલું છે. આબૂરોડથી મોટર રસ્તે અણાદરા અને ત્યાંથી મોટર રસ્તે અહીં પહોંચી શકાય છે. ગામની ચારે બાજુ પહાડી અને ઝાડી હોવાથી દૃશ્ય ઘણું રમણીય છે. ધર્મશાળાની સુંદર સગવડ છે.

બ્રાહ્મણપુરના ધાંધલ શેઠની ગાય હંમેશા સહેલી નદીની પાસેના પહાડમાં જઈને એક ગુફામાં દૂધ ઝરી આવતી. શેઠને સ્વપ્ન આવ્યું કે ત્યાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની એક પ્રાચીન ચમત્કારિક મૂર્તિ છે. ત્યાં જમીન ખોદાવતાં મૂર્તિ પ્રકટ થઈ, પણ તેને ક્યાં લઈ જવી ? એ બાબતમાં બ્રાહ્મણપુર અને જીરાવલના ગામલોકો વચ્ચે વિવાદ થયો. છેવટે નક્કી થયું કે આ મૂર્તિને રથમાં પધરાવી તેને એક બળદ બ્રાહ્મણપુરનો અને એક બળદ જીરાવલનો જોડવો. જ્યાં તે લઈ જાય ત્યાં મૂર્તિ પધરાવવી. એ રથ જીરાવલ આવતાં ધાંધલ શેઠે ત્યાં મૂર્તિ પધરાવી અને બાવન જિનાલય નિર્માણ કરાવ્યું.

અહીં મુસલમાની સૈન્યનું આક્રમણ થતાં સૈન્યમાં ઉપદ્રવ થયેલો. તે વખતે દિવાનને સ્વપ્ન આવેલું કે જો તમારો બાદશાહ અહીં આવી માથું મુંડાવે તો ઉપદ્રવ શાંત થાય. એ રીતે બાદશાહે માથું મુંડાવતાં ઉપદ્રવ શાંત થયેલો ને તેણે અહીં ઉત્સવ કરેલો. પેથડશાહ, ઝાંઝણશાહ વગેરેએ અહીં સંઘ સાથે યાત્રાઓ કરેલી છે.

જીર્ણોદ્ધાર વખતે અહીં નેમિનાથ પ્રભુની મૂર્તિ બિરાજમાન કરવામાં આવી છે. બંને બાજુ સહસ્રફણા પાર્શ્વનાથની મૂર્તિઓ છે, જે અત્યંત ભવ્ય અને ચમત્કારિક છે.

મૂર્તિપ્રતિષ્ઠા વખતે આજે દરેક સ્થળે શ્રી જીરાવલા પાર્શ્વનાથનું સ્મરણ કરવામાં આવે છે, તે જ એના અપૂર્વ મહિમાનો પૂરાવો છે.

**આ તીર્થની યાત્રાથી જીવનને સફળ કરો.**

બૌદ્ધોમાં પાંચમું શીલ મદ્યત્યાગ છે અને જૈનોમાં પાંચમું શીલ પરિગ્રહની મર્યાદા છે. પતંજલિ વગેરે યોગ વિશારદોએ પણ પાંચમું શીલ પરિગ્રહની મર્યાદાને જ માન્યું છે. મદ્ય-ત્યાગ જરૂરી છે પણ તે ભોગોપભોગની મર્યાદામાં આવી શકે, જ્યારે પરિગ્રહની મર્યાદા એ ઘણો ઉચ્ચ સિદ્ધાંત છે અને તે આર્થિક અસમાનતા તથા ધનલાલસા મટાડી શકે એમ છે. અહિંસા પર ભાર મૂકો ને પરિગ્રહની મર્યાદા ન કરો તો એ અહિંસા નામ માત્રની જ રહેવાની, એટલું જ નહિ પણ બીજું, ત્રીજું ને ચોથું શીલ પણ લંગડું બની જવાનું, તેથી પરિગ્રહની મર્યાદા ખાસ જરૂરી છે.

શ્રી વિનોબા ભાવે આજે ભૂદાન અને સંપત્તિદાનની જે ચળવળ ચલાવી રહ્યા છે, તેનું મૂળ પ્રેરણાસ્થાન આ પરિગ્રહની મર્યાદા છે, એમ કહેવામાં કંઈ અત્યુક્તિ નથી.

જૈન મહર્ષિઓએ ધર્મનાં બીજ સમાન મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ એવી જે ચાર ભાવનાઓ પ્રબોધી છે, તેમાં પહેલું સ્થાન મૈત્રી ભાવનાને અપાયેલું જોઈએ છીએ. આ ભાવનાનું પ્રતિબિંબ નિમ્ન ગાથામાં સુંદર રીતે પડયું છે:

**शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः।**
**दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः॥**

'અખિલ વિશ્વનું કલ્યાણ થાઓ, સર્વ પ્રાણીઓ બીજાનાં હિતમાં તત્પર બનો, દોષો નાશ પામો અને લોક સર્વત્ર સુખી થાઓ.'

શાંતિ–પ્રતિષ્ઠા વખતે બોલાતી આ ગાથાના ભાવને જ જો આપણે ધ્યેયમંત્ર બનાવીને ચર્ચા–વિચારણા, પ્રવચનો તથા કાર્યક્રમો યોજીએ તો વિશ્વશાંતિ એ સ્વપ્ન નહિ પણ સિદ્ધિ બને અને દુનિયા પર ત્રાટકી પડનારી યુદ્ધની આફત અટકી જાય. તે માટે સહુ કમર કસે એ ભાવના સાથે અમે આ નિબંધ પૂરો કરીએ છીએ.

**इति शम् ।**

ફોન નં. ૭૦૫૬૬ ગ્રામ : "Budhisurma" Bombay

## અમારા માનવંતા કદરદાન ગ્રાહકોને

## * સમયસરની સૂચના *

**જુની અને જાણીતી બુઢીમાઈ સ્થાપિત ૧૦૦ વર્ષની પુરાણી પેઢી**

મુંબઈ, ડુંગરી, પાલાગલીના જગપ્રસિદ્ધ

# દાતુ મનજી પદમશી સુરમાવાલા

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક

સુરમાઓ ખરીદતાં પહેલા માનવંતા ગ્રાહકોનું લક્ષ દોરીએ છીએ કે ભીંડીબજાર, મદનપુરા, શેખમેમન સ્ટ્રીટ, મુલજી જેઠા મારકીટ કે ઝવેરી બજારના લત્તામાં કોઈ પણ દુકાને અમારા સુરમાઓ વેચાતા મળતા નથી. નોંધી રાખશો કે અમારી જુની જાણીતી દુકાન ડુંગરી મધ્યે ૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, પાલાગલી, મુંબઈ નં. ૯ એ ઠેકાણે આવેલ છે.

## —: નકલી સુરમાઓથી સાવધાન રહો :—

**— સમયસરની ચેતવણી —**

૧ અમારી બાટલીઓની પેકીંગ 'ગોળ' તેમજ બેઉ બાજુ કાગળની રજીસ્ટર્ડ માર્કની સીલ તથા અમારૂં નામ જોઈ તપાસી ખાત્રી કરી લેવી.

૨ અમારા કોઇ કેન્વાસર કે એજન્ટ નથી. ફક્ત અમારી એક જ દુકાને નીચેનાં ઠેકાણે મળે છે.

૩ બહાર ગામના ઓર્ડરો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

૪ ફોન નં. ૭૦૫૬૬ કરશો તો સુરમો ઘેરબેઠા પહોંચાડવામાં આવશે.

૫ ડોકટરની મફત સલાહ મેળવો.

**સોમવારે પુરુષો માટે, ગુરુવારે સ્ત્રીઓ માટે સવારે ૧૦ થી ૧૧**

—: અમારૂં એક જ ઠેકાણું :—

**જગપ્રસિદ્ધ દાતુ મનજી પદમશી સુરમાવાલા**

૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, ડુંગરી પાલાગલી, મુંબઈ નં. ૯

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

# જૈન શિક્ષાવલી

## બીજી શ્રેણીનાં ૧૨ પુસ્તકો

સંવત ૨૦૧૬ ના માહ સુદિ પૂનમે પ્રગટ થશે. અગાઉથી લવાજમ ભરનાર માટે સ્થાનિક રૂા. ૫-૦૦. બહારગામ માટે રૂા. ૬-૦૦. તમારું લવાજમ આજે જ મ. ઓ. થી મોકલી આપો.

### પુસ્તકોનાં નામ

૧ સારું તે મારું
૨ જ્ઞાનજ્યોતિ
૩ દાનની દિશા
૪ કર્મસ્વરૂપ
૫ નયવિચાર
૬ સામાયિકની સુંદરતા
૭ મહામંત્ર નમસ્કાર
૮ કેટલાંક યંત્રો
૯ આયંબિલ રહસ્ય
૧૦ આહારશુદ્ધિ
૧૧ તીર્થયાત્રા
૧૨ સુધાબિન્દુ

★ જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર ★

લધાભાઇ ગુણપત બીલ્ડીંગ, ચીંચ બંદર, મુંબઈ-૯

શ્રી નવપ્રભાત પ્રેસ—અમદાવાદ.